સુવિચાર
કળા એટલે પ્રત્યેક ચીજને, એટલે કે વિચારને, વાણીને, વર્તનને તેના યથાયોગ્ય સ્થાને મૂકવી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

પતિ સાથે બંગાળી યુવતીને આડા સંબંધ હોવાની શંકાએ મહિલા સહિતના શખ્સો મારવા પહોંચ્યા P-4

Year-16, Issue-58 ■ DATE : 14-06-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયલના રક્ષા મંત્રાલય પર જવાબી હુમલો કરતું ઈરાન

**યેરૂસલામ-તેલઅવીવમાં રાતભર વિસ્ફોટકો હવાઈ હુમલાની સાયરનો ગર્જી, મોટાભાગના મિસાઈલ તોડી પાડવાનો ઈઝરાયેલનો દાવોઃ તહેરાન એરપોર્ટ પર પણ ધમાકાઃ મધ્યપુર્વમાં પુર્ણ કક્ષાના યુદ્ધના દ્રશ્યો અમેરિકી નૌકા કાફલો પણ જોડાયો**



**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈઝરાયેલ એ ગઈકાલે ઈરાનના અણુમથકોને ટાર્ગેટ કરતા ભીષણ હવાઈ હુમલો કર્યો તેના ૨૪ કલાકમાંજ ઈરાને પણ વળતો આકરો જવાબ આપવાનું શરૂ કરતા હવે બન્ને રાષ્ટ્રો વચ્ચે પુર્ણ કક્ષાનું યુદ્ધ ફાટી નીકળે તેવા સંકેત છે તો ઈઝરાયેલ એ પણ તેનો વળતો જવાબ આપવાનું શરૂ કરી દીધુ છે.

શુક્રવારે મોડી રાત્રે ભારતીય સમય મુજબ સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે ઇઝરાયલે ઈરાન પર હવાઈ હુમલો કર્યો. ઇઝરાયલી લડાકુ વિમાનોએ ફરીથી ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવ્યા. આ હુમલાઓમાં, ઈરાનના ૭૮ લોકો માર્યા ગયા અને ૩૫૦થી વધુ લોકો ઘાયલ થયા.

જવાબમાં, ઈરાને ઇઝરાયલ તરફ ૧૫૦ બેલિસ્ટિક મિસાઇલો છોડ્યા. આમાંથી ૬ મિસાઇલો રાજધાની તેલ અવીવમાં પડી, જેમાં ૨ લોકો માર્યા ગયા. તે જ સમયે ૯૦થી વધુ લોકો ઘાયલ થયા. ઈરાની મીડિયા અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ઇઝરાયલી સંરક્ષણ મંત્રાલયને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું.

ઈરાને ઈઝરાયેલ પરની જમીન પરથી જમીન પર અને સબમરીન પરથી ૧૫૦ જેટલી બેલેસ્ટીક મિસાઈલ દાગી હતી અને રાતભર તેલઅવીવ તથા યેરૂસલામમાં વિસ્ફોટકોના અવાજો ચાલુ રહ્યા હતા. ઈઝરાયેલના આ બન્ને મુખ્ય શહેરોમાં અનેક ઈમારતોનો ધ્વંશ થયો છે. જો કે ઈઝરાયેલનો દાવો છે કે તેણે ઈરાનની અનેક મિસાઈલ હવામાંજ તોડી પાડી હતી.

જો કે મૃત્યુઆંક ઈરાનમાં મોટો હોવાનો અંદાજ છે અને ૭૩ લોકો માર્યા ગયા છે. જયારે ઈઝરાયેલમાં ૧ મહિલાના મૃત્યુના ખબર છે. ઈરાને છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયેલ પર ત્રીજો મોટો હુમલો કર્યો છે.

ઈરાને જાહેર કર્યુ છે કે, તેમણે સૈન્યને હુમલા માટે ખુલ્લી છુટ આપી દીધી છે અને હવે ઈઝરાયેલને સતત પીડા થાય તે નિશ્ચિત કરશુ. પુરા ઈઝરાયેલમાં સતત હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે. તેલઅવીવ પર રાતના અનેક મિસાઈલોના તેજ અને વિસ્ફોટ થવાના અહેવાલ છે.

બીજી તરફ અમેરિકાનો નૌકા કાફલો પણ ઈઝરાયેલની નજીક પહોંચી ગયા છે અને તે ઈરાન તરફથી આવી રહેલી મિસાઈલને હવામાંજ તોડી પાડવામાં સહાયતા કરે છે.

જો કે અમેરિકા ઈરાન પર સીધો હુમલો કરતુ નથી. ઈરાનના સર્વોચ્ચ વડા અયાતુલ્લા અલી ખામેનેઈએ જાહેર કર્યુ છે કે ઈઝરાયેલ પર હવે પુરી તાકાતથી હુમલા કરાશે. અમારુ સૈન્ય અને પુરો દેશ તૈયાર છે.

તેલઅવીવથી તહેરાન વચ્ચેનું આકાશ સતત આ પ્રકારના હુમલાથી ગાજી રહ્યું છે. તહેરાન વિમાની મથક પર પણ અનેક ધડાકા સાંભળવામાં આવ્યા છે અને આ પુરી એરસ્પેસ બંધ કરી દેવામાં આવી છે.

રાતભર ઈરાને ઈઝરાયેલ પર હુમલો કર્યા બાદ ઈઝરાયેલે ફરી ૨૦૦થી વધુ લડાયક વિમાનો મારફત ઈરાનના સૈન્ય અને મહત્વના મથકોને નિશાન બનાવવાનું શરૂ કર્યુ છે. ઈઝરાયેલના અનેક એરબેઝથી આ વિમાનો ઉડયા છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે ઈઝરાયેલનું એક એફ-૩૫ વિમાન તોડી પાડયું છે.

# NEET-UG પરિણામ જાહેરઃ રાજસ્થાનનો વિદ્યાર્થી દેશમાં ટોપ પર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૫ નેશનલ ટેસ્ટિંગ એજન્સી એ ૧૪ જૂન, ૨૦૨૫ના દિવસે NEET UG 2025નું પરિણામ જાહેર કર્યું છે. જેમાં રાજસ્થાનના હનુમાનગઢના મહેશ કેશવાનીએ પહેલો ક્રમ મેળવ્યો છે અને ઈન્દોરના ઉત્કર્ષ અવધિયાએ બીજો ક્રમ મેળવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ઇન્દોર કેન્દ્રો પર NEET UF પરીક્ષા આપનારા ૭૫ ઉમેદવારોએ ફરિયાદ કરી હતી કે, ૪ મેના દિવસે તોફાન અને વીજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે તેમનું પેપર બગડ્યું હતું. આ વિદ્યાર્થીઓની ફરિયાદના આધારે મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં ૯ જૂને સુનાવણી થઈ હતી. કોર્ટે કહ્યું હતું કે, NTA આ ૭૫ ઉમેદવારો સિવાયના પરિણામ જાહેર કરી શકે છે.




ઉમેદવારો neet.nta.nic.in પરથી પોતાના પરિણામ ચેક કરી શકે છે. રિઝલ્ટ ચેક કરવા માટે ઉમેદવારે પોતાનો રોલ નંબર અને જન્મતારીખ દાખલ કરવાની રહેશે.

નોંધનીય છે કે, નીટ યુજી ૨૦૨૫ની પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ત્રીજી જૂન, ૨૦૨૫ના દિવસે જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ ઉમેદવારોએ ૫ જૂન સુધી આન્સર કી સામે વાંધો ઉઠાવવાની તક આપવામાં આવી હતી,. ફાઈનલ આન્સર કી ૧૪ જૂને દાખલ કરવામાં આવી હતી.

નીટ ૨૦૨૫ની પરીક્ષાનું આયોજન ૪ મે, ૨૦૨૫ના દિવસે દેશભરમાં નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો પર સિંગલ શિફ્ટમાં બપોરે ૨ વાગ્યાથે સાંજ ૫ વાગ્યા સુધી લેવામાં આવી હતી. ઉમેદવારોને પરીક્ષામાં ત્રણ સેક્શન ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીના પ્રશ્ન પૂછ્વામાં આવ્યા હતા. ફિઝિક્સ અને કેમિસ્ટ્રિ સેક્શનમાંથી ૪૫-૪૫ પ્રશ્ન પૂછ્વામાં આવ્યા હતા, જોકે બાયોલોજી સેક્શનમાંથી ૯૦ પ્રશ્ન પૂછ્વામાં આવ્યા હતા. ઉમેદવારોને કુલ ૧૮૦ અનિવાર્ય પ્રશ્ન પરીક્ષામાં પૂછ્વામાં આવ્યા હતા, જેનો કુલ અંક ૭૨૦ છે. નીટ ૨૦૨૫ પરીક્ષમાં વિદ્યાર્થીઓને સાચો જવાબ આપવા પર ૪ માર્ક્સ આપવામાં આવે છે અને કોઈપણ ખોટા જવાબ આપવા પર ૧ માર્ક નેગેટિવ માર્કિંગના રૂપે કાપવામાં આવે છે.

# અમદાવાદમાં ઍર ઈન્ડિયાના પ્લેનમાં ૬૫૦ ફૂટની ઊંચાઈએ ખરાબી આવીઃ સરકારની પ્રેસ કોન્ફરન્સ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ઉડ્ડયન મંત્રી દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી રહી છે. રામ મોહન નાયડુએ આ મામલે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે ૬૫૦ ફૂટની ઊંચાઈએ વિમાન ઉડી રહ્યું હતું અને તે સમયે વિમાનમાં ખામી સર્જાતા પાઈલટે MAY DAY નો સંદેશ આપ્યો હતો.

પ્રેસ કોન્ફરન્સમાં ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમર કુમાર સિંહાએ જણાવ્યું હતું કે, 'વિમાને બપોરે ૧૩૯ વાગ્યે ઉડાન ભરી હતી અને થોડી જ સેકન્ડોમાં ૬૫૦ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા પછી તેની ઊંચાઈ ઘટવા લાગી. ૧૩૯ વાગ્યે જ પાઈલટે એટીસીને may day વિશે જાણ કરી. જ્યારે એટીસીએ




વિમાનનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે કોઈ જવાબ મળ્યો નહીં. બરાબર એક મિનિટ પછી, તે મેઘાણીનગરમાં ક્રેશ થયું.'

ઉડ્ડયન મંત્રાલયના સચિવે જણાવ્યું હતું કે, 'અમે ૬ વાગ્યે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં આગ લગભગ સંપૂર્ણપણે ઓલવાઈ ગઈ હતી. અમારૂ ફ્લાઇટ ડેટા રેકોર્ડર, એટલે કે બ્લેક બોક્સ મળી ગયું છે, હાલ ઘટનાની તપાસ શરૂ છે. AAIB ઘટનાની તપાસ કરશે, તપાસ માટે બીજી ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમ ઉડ્ડયન સુરક્ષા અને તેને વધુ મજબૂત કેવી રીતે બનાવી શકાય તેની સમીક્ષા કરશે.'

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુના જણાવ્યું હતું કે, 'પ્લેન ક્રેશ થયા બાદ પ્રચંડ વિસ્ફોટ થયો હતો અને તેના કારણે આગ ફેલાઈ ગઇ હતી. આગને કાબૂમાં લેતા લેતા ૬ વાગી ગયા હતા. હવે આ મામલે કમિટી તપાસ કરી રહી છે. જે તમામ પુરાવાઓ અને નિવેદનો એકઠાં કરશે અને રિપોર્ટ રજૂ કરે છે.'

# ડ્રીમલાઇનર ૧૪ હજાર કિ.મી. અંતર એક સાથે કાપી શકે છે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બોઈંગનું ૭૮૭-૮ ડ્રીમલાઇનર તેની વિશ્વસનીયતા અને લાંબા અંતરના મુસાફરીની ક્ષમતા માટે એરલાઇન વિશ્વ માટે જાણીતું છે. તે પહોળી બોડીનું ટ્વીન એન્જિન ધરાવતું વિમાન છે, જેને લાંબા અંતરની ઉડાન માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

તે એક સાથે ૧૪,૦૦૦ કિલોમીટર સુધી ઉડી શકે છે. ડ્રીમલાઇનરનું આ વર્ઝન એર ઇન્ડિયાએ ડિસેમ્બર ૨૦૧૩માં સામેલ કર્યું હતું, જે ૧૧ વર્ષ જૂનું છે. બોઇંગ ૭૮૭ ડ્રીમલાઇનરનું આયુષ્ય ૪૪,૦૦૦ ફ્લાઇટ્સનું છે, જેનું સંભવિત આયુષ્ય ૩૦થી ૫૦ વર્ષનું છે.

બોઇંગ ૭૮૭-૮ની કિંમત લગભગ ૨૩૯ મિલિયન ડોલર (લગભગ ૨,૦૫૫ કરોડ રૂપિયા) થવાની સંભાવના છે. તે બેઝ મોડેલ છે, જે ૨૪૮ મુસાફરોને લઈ જઈ શકે છે અને ૭,૩૦૫ નોટિકલ માઇલ (૧૩.૫૨૯ કિમી) સુધીની રેન્જ પર ઉડી શકે છે.

ડ્રીમલાઇનરની યુએસપી એ તેનું હળવું વજન અને બળતણની કાર્યક્ષમતા છે. એરક્રાફ્ટનું લગભગ ૫૦ ટકા માળખું કમ્પોઝિટ મટિરિયલ્સનું બનેલું છે, જે તેને માત્ર હળવું જ નહીં પરંતુ ઓપરેશનલ કોસ્ટ પણ ઓછું બનાવે છે. તે ૨૧૦-૨૫૦ બેઠકો સાથે ૮.૫૦૦ નોટિકલ માઇલ (૯,૮૦૦ માઇલ) સુધીની રેન્જને આવરી શકે છે.

ઉત્પાદન પ્રક્રિયામાં સમસ્યાઓ બોઇંગને ૭ ૭૮૭ના ઉત્પાદનમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો, જેમાંથી એક તેની સપ્લાય ચેઇન અને ઉત્પાદન

ગુણવત્તા નિયંત્રણ ઘટાડો બોઇંગના આ મોડેલના વિમાનને ગુણવત્તા નિયંત્રણનો અભાવ જોવા મળ્યો, જેનાં કારણે સલામતીની ચિંતા થાય છે.

નિયમનકારી તપાસ સલામતીના મુદ્દાઓને લીધે, બોઇંગને નિયમનકારી એજન્સીઓ દ્વારા તપાસનો સામનો કરવો પડ્યો. જેમણે વિમાનની સલામતી અને ગુણવત્તા પર સવાલો ઉભા કર્યા હતા. નાણાકીય અસર આ વિવાદોને કારણે બોઇંગને આર્થિક નુકસાન થયું હતું અને કંપનીની પ્રતિષ્ઠાને પણ અસર થઈ હતી.

વિમાન ઉડાન ભરતાં પહેલાં ઘણી મહત્વપૂર્ણ તૈયારીઓ કરવામાં આવે છે, જેથી ફ્લાઇટ સુરક્ષિત અને સરળ રહી શકે. આ તૈયારીઓમાં ટેકનિકલ, ઓપરેશનલ અને રેગ્યુલેટરી પાસાને આવરી લેવામાં આવ્યાં છે.

# વિમાન દુર્ઘટનાની તપાસ માટે જુદાજુદા ક્ષેત્રના નિષ્ણાંતોની ઉચ્ચ સ્તરીય કમીટીની રચના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમદાવાદ એરપોર્ટે સર્જાયેલી કરૂણાંતિકાના આઘાતમાંથી દેશ હજી બહાર આવ્યો નથી ત્યારે સરકાર દ્વારા દુર્ઘટનાની તપાસ માટે જુદા જુદા ક્ષેત્રોનાં નિષ્ણાંતોની એક ઉચ્ચ સ્તરીય કમીટીની રચના કરી છે અને ત્રણ મહિનામાં રિપોર્ટ આપવાની સુચના આપી છે.

વિમાન દુર્ઘટનાનું કારણ સુરક્ષાનાં પ્રવર્તમાન પ્રોટોકોલની સમીક્ષા તથા ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના રોકવા માટે ભલામણ કરવા તપાસ કમીટીને કહેવામાં આવ્યું છે.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા



ઈસ્યુ કરાયેલા ઓર્ડરમાં એમ કહેવાયું છે. કે ઉચ્ચ સ્તરીય મલ્ટી-ડીસીપ્લીનરી કમીટી તપાસ માટે ગઠીત કરવામાં આવી છે કમીટી પ્રવર્તમાન એસઓપીની સમીક્ષા કરશે. નવી માર્ગદર્શિકા સુચવશે. એવી ચોખવટ કરવામાં આવી છે કે હાલ તપાસ કરતી એજન્સીઓની કામગીરી યથાવત રહેશે.

નવી કમીટીનું નેતૃત્વ કેન્દ્રીય ગૃહસચીવ કરશે. ઉપરાંત ઉડ્ડયન મંત્રાલય, વાયુદળનાં પ્રતિનિધિ તથા ઉડ્ડયન ક્ષેત્રનાં નિષ્ણાંતોનો સમાવેશ કરાશે.ફલાઈટ ડેટા, કોકપીટ વોઈસ રેકોર્ડીંગ, ફલાઈટ મેન્ટેનન્સ, એટીસી લોગ બુક, તથા સાક્ષીઓનાં નિવેદન મેળવીને ત્રણ મહિનામાં રીપોર્ટ સોંપશે.

# વિજયભાઈ રૂપાણીની રામનાથપરા સ્મશાન ખાતે થશે અંતિમવિધિ

## રેસકોર્સ મેદાન ખાતે વિશાળ પ્રાર્થના સભા યોજાશેઃ તારીખ અને સમય હવે પછી જાહેર થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દુઃખદ અવસાન બાદ, તેમની અંતિમયાત્રા અને વિશાળ પ્રાર્થના સભાની તૈયારીઓ રાજકોટ ખાતે પૂરજોશમાં ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વિજયભાઈ રૂપાણીના ડીએનએ મેચ થયા બાદ તેમનો પાર્થિવ દેહ રાજકોટ લાવવામાં આવશે. ત્યારબાદ, તેમના રાજકોટ સ્થિત નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળશે અને અંતિમવિધિ રામનાથપરા સ્મશાન ખાતે કરવામાં આવશે. આ અંતિમયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર



થશે, જેમાં મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, નેતાઓ અને સામાન્ય જનતા જોડાશે તેવી અપેક્ષા છે. આ અંગેની વ્યવસ્થા માટે આજે ભાજપના સ્થાનિક નેતાઓએ વિજયભાઈ રૂપાણીના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી અને અંતિમયાત્રાના આયોજન અંગે વિગતવાર ચર્ચાઓ કરી હતી.

વિજયભાઈ રૂપાણીની દિવંગત આત્માની શાંતિ માટે રાજકોટ શહેરના રેસકોર્સ મેદાન ખાતે એક વિશાળ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રાર્થના સભામાં વિજયભાઈ પ્રત્યે આદર અને માનની લાગણી દર્શાવવા સૌરાષ્ટ્ર અને દેશભરમાંથી મોટી સંખ્યામાં નેતાઓ- પ્રધાનો- અગ્રણીઓ અને આમ જનતા ઉમટી પડેશે. પ્રાર્થના સભાની તૈયારીઓ પણ પુરજોશમાં ચાલી રહી છે.

આજે શહેરના ઝોન-૨ ડીસીપી જગદીશ ભાંગરવા, ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ રેસકોર્સ મેદાનની મુલાકાત લીધી હતી. તેમણે પ્રાર્થના સભા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રૂપે ચાલે તે માટેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા પણ જરૂરી અને ચુસ્ત પગલાં લેવામાં આવી રહ્યા છે, જેથી કરીને શાંતિપૂર્ણ માહોલમાં આ શોકાંજલિ કાર્યક્રમ સંપન્ન થઈ શકે.

રૂપાણી પરિવારના જણાવ્યા અનુસાર અંતિમયાત્રા અને શોક સભાની તારીખ અને સમય હવે પછી જાહેર કરવામાં આવશે.

# અમદાવાદમાં ક્રેશ થયેલ પ્લેન ટેક ઓફ પહેલા એકદમ ઓકે હતું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમદાવાદની પ્લેન દુર્ઘટનાને લઈને હવે નવી-નવી જાણકારી બહાર આવી રહી છે. બતાવવામાં આવી રહ્યું છે કે ટેકઓફ પહેલા પ્લેન એકદમ ઓકે કન્ડીશનમાં હતું, જયારે પ્લેનની તપાસ કરનાર એન્જીનીયર એર ઈન્ડિયાનો જ હતો, તેણે એરક્રાફટની પુરી રીતે ટેકનીકલ તપાસ કરી હતી.

ત્યારબાદ ફલાઈટ એન્જીનીયરે પ્લેનના ટેક ઓફની ઓકે રિપોર્ટ પર સાઈન કરી હતી, સાથે ફલાઈટના ચીફ પાયલોટે પણ સાઈન કરી હતી, એરક્રાફટ એ વખતે બરાબર હતું પરંતુ ટેકઓફની ૫૦ સેકન્ડમાં જ તે ક્રેશ થઈ ગયું.

એર ઈન્ડિયાના બેડામાં હાલ ૩૪ ડ્રીમલાઈનર છે તેમાં ૨૭ એરઈન્ડિયા પાસે અગાઉથી જ હતા અને વિસ્તરાના મર્જર થયા બાદ તેના બેડામાં સામેલ ૭ ડ્રીમલાઈનર પણ



એર ઈન્ડિયામાં સામેલ થઈ ગયા.

હાલમાં એર ઈન્ડિયા પાસે દેશની બધી એરલાઈન્સની તુલનામાં સૌથી વધુ ડ્રીમલાઈનર એરક્રાફટ છે. સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદમાં તેના ક્રેશ થયા બાદ હવે બધાની તપાસ કરવામાં આવશે, ત્યારબાદ જ તેને ટેકઓફની મંજુરી મળશે.

અમદાવાદથી લંડન જતી ફલાઈટ એઆઈ-૧૭૧ના ટેક ઓફ પહેલા ફયુલ કેપેસીટી, બન્ને એન્જીન, ફલેપ, કોકપિટ એસી, ઈલેકટ્રીસીટી અને અન્ય તમામ પ્રકારની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં બધું બરાબર જણાવ્યું હતું. ત્યારબાદ જ પ્લેનને ટેક ઓફની મંજુરી અપાઈ હતી.

એન્જીનીયરોનું કહેવું છે કે કોઈપણ ટેકઓફ પહેલા ફલાઈટ એન્જીનીયર દરેક ફલાઈટની આ પ્રકારે તપાસ કરે છે. તેમાં ખામી જણાય તો ટેક ઓફ ટાળી દેવામાં આવે છે.

જાણવા મળેલી વિગત મુજબ આ પ્લેનમાં અગાઉ કોઈ ગંભીર ટેકનીકલ. પરેશાની બહાર નહોતી આવી, તે પ્લેન બરાબર રીતે ટેકઓફ કરી ગયું હતું પણ અચાનક તેમાં કોઈ ગરબડ આવી ગઈ અને ક્રેશ થઈ ગયું હતું.

કોઈપણ ફલાઈટના ટેક ઓફ પહેલા તેના પાયલોટ અને ક્રુનો બ્રેથ એનેલાઈઝર ટેસ્ટ લેવાય છે. અમદાવાદ પ્લેન ક્રેશના પાયલોટોની જિંદગી ખતમ થઈ ગઈ છે. જીડીસીએ આ પાઈલોટોની મનોદશાની પણ તેમના પરિવારજનો પાસેથી જાણકારી મેળવશે કે તેઓ કોઈ તનાવમાં તો નહોતા ને.

# કાલાવડમાં વકીલની કરપીણ હત્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ શહેરમાં ગઈકાલે રાત્રે એક દુઃખદ ઘટના બની છે, જેમાં કાલાવડ વકીલ મંડળના સેક્રેટરી અને જાણીતા એડવોકેટ એવા સ્વ. ઈમ્તિયાઝભાઈ કેસરભાઈ ડોડીયાની કરપીણ હત્યા કરવામાં આવી છે. આ બનાવથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને જામનગરના વકીલ આલમમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, કાલાવડની શીતલા કોલોની વિસ્તારમાં રહેતા એડવોકેટ ઈમ્તિયાઝભાઈ ડોડીયા (ઉ.વ. આશરે અંદાજિત) ગઈકાલે રાત્રે આશરે ૧૧.૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા અને ઘરનું તાળું ખોલી રહ્યા હતા.

તે દરમિયાન અચાનક ત્રણ અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા અને તીક્ષ્ણ હથિયાર એટલે કે છરી વડે તેમના પર જીવલેણ હુમલો કરી દીધો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ઈમ્તિયાઝભાઈ ઘટનાસ્થળે જ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા.બનાવની જાણ થતાં જ કાલાવડમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઈમ્તિયાઝભાઈના ભાઈ આસિફભાઈ ડોડીયા સહિતના પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત એડવોકેટને તાત્કાલિક સારવાર માટે કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતા.

જો કે, હોસ્પિટલમાં પહોંચે તે પહેલાં જ ઈમ્તિયાઝભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા.આ કરુણ ઘટનાની જાણ થતાં કાલાવડ પોલીસ તાત્કાલિક હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુએ તાત્કાલિક અસરથી સમગ્ર જિલ્લામાં આરોપીઓને પકડવા માટે નાકાબંધી કરવાનો આદેશ આપ્યો હતો.જામનગર ગ્રામ્ય વિભાગના ડીવાયએસપી આર.બી. દેવધાની આગેવાની હેઠળ પોલીસની વિવિધ ટુકડીઓ રાતભર આરોપીઓને શોધવા માટે કોમ્બિંગ ઓપરેશનમાં જોડાઈ હતી. સ્થાનિક ગુના શોધક શાખા (એલસીબી)ની ટીમે પણ આ બાબતે સઘન તપાસ હાથ ધરી છે અને પ્રાથમિક તપાસમાં એક શકમંદને સકંજામાં લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં લાલો ખવાસ નામના શખ્સ અને તેના સાગરીતો આ હત્યામાં સંડોવાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.પોલીસ દ્વારા મૃતક એડવોકેટ ઈમ્તિયાઝભાઈ ડોડીયાના નાના ભાઈ આસિફભાઈ કેસરભાઈ ડોડીયાની ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ હાલમાં કોઈ જૂની અદાવત કે અન્ય કોઈ અંગત કારણોસર આ હત્યા થઈ હોવાની દિશામાં તપાસ કરી રહી છે.એડવોકેટ ઈમ્તિયાઝભાઈ ડોડીયાની હત્યાના સમાચાર વાયુવેગે ફેલાતાં જ જામનગરના વકીલ મંડળમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.આજે વહેલી સવારે આશરે ૪.૩૦ વાગ્યે એડવોકેટ ઈમ્તિયાઝભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના ફોરેન્સિક વિભાગમાં લાવવામાં આવ્યો હતો, જ્યાં તબીબોની પેનલ દ્વારા પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ ઘટના બાદ મૃતકના પરિવારજનો, કાલાવડના વકીલ મંડળના સભ્યો અને જામનગર બાર એસોસિએશનના હોદ્દેદારો મોટી સંખ્યામાં જી.જી. હોસ્પિટલ ખાતે એકત્ર થયા હતા અને ભારે ગમગીનીભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. પોલીસ દ્વારા આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા માટે તપાસ તેજ કરવામાં આવી છે.

# જામનગરમાં ઉત્તમ ગુણવત્તાવાળી પ્રાકૃતિક કૃષિ પેદાશો સીધી શહેરના લોકોને મળી રહે તે માટે વેચાણ કેન્દ્રો શરૂ કરાયા

## એમ્યુઝમેન્ટ પાર્ક પાસે દર શનિવારે તથા જોગર્સ પાર્ક ખાતે દર બુધવારે બપોર સુધી આ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો ખરીદી શકાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આજના ઝડપી યુગમાં સ્વાસ્થ્ય જ સૌથી મોટી સંપત્તિ છે, અને આ સ્વાસ્થ્ય જાળવવા માટે રસાયણમુક્ત આહારનું મહત્વ અનિવાર્ય છે. રાજ્ય સરકારના પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત જામનગરના નાગરિકોને ઉત્તમ, પોષણયુક્ત અને વ્યાજબી ભાવે પ્રાકૃતિક અનાજ, શાકભાજી, ફળફળાદી અને અન્ય ઉત્પાદનો મળી રહે તે માટે વિશેષ પ્રયાસો થઈ રહ્યા છે.રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વિના ઉગાડવામાં આવતા પ્રાકૃતિક ઉત્પાદનોમાં વિટામિન્સ, ખનીજો અને એન્ટીઑકિસડન્ટનું પ્રમાણ વધુ હોય છે, જે તમારા શરીરને વધુ સારી રીતે પોષણ આપે છે. આ ઉત્પાદનોનો સ્વાદ પણ કુદરતી અને ઉત્તમ હોય છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ખેડૂતોને તેમની પ્રાકૃતિક પેદાશોનું યોગ્ય વળતર મળે અને ગ્રાહકોને શુદ્ધ અને તંદુરસ્ત આહાર પ્રાપ્ત થાય તે છે.સરકારના પ્રોજેક્ટ હેઠળ, જામનગરમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત તાજી અને ઉત્તમ ગુણવત્તાવાળી પેદાશો સીધી જ શહેરના લોકોને મળી રહે તે માટે વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.જેમાં એમ્યુઝમેન્ટ પાર્ક, કચેરી પાસે દર શનિવારે સવારે ૮ વાગ્યાથી બપોર સુધી તેમજ જોગર્સ પાર્ક ખાતે દર બુધવારે સવારે ૮ વાગ્યાથી બપોર સુધી આ પ્રાકૃતિક ઉત્પાદનોની ખરીદી કરી શકાશે.

જામનગર શહેરની જનતાને આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા સરકારના આ સ્વાસ્થ્યલક્ષી અભિયાનનો લાભ લઈ, પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરીને પોતાના અને પોતાના પરિવારના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવા અનુરોધ કરાયો છે.

# ઠેબા બાયપાસ પાસે ૧૫૮૦ લીટર બાયો ડીઝલનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ઠેબા બાયપાસ પાસે આવેલા એક ભરડીયામાં પોલીસે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી ૧૫૮૦ લીટર બાયોડીઝલ કબજે કર્યું છે. આ જથ્થો તે ભરડીયામાં રાખનાર શખ્સ તેમજ દ્વારકા તાલુકાના હમુસર ગામના ટ્રક ડ્રાઈવર, ક્લિનર સામે પીઆઈએ ખુદ ફરિયાદી બની ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.

જામનગર-કાલાવડ રોડ પર આવેલા ઠેબા બાયપાસ નજીક એક ભરડીયામાં બાયોડીઝલ જેવું જવલનશીલ પ્રવાહી રાખી તેનું વેચાણ કરાતું હોવાની બાતમી પરથી પંચકોશી બી ડિવિઝનના પીઆઈ વી.જે. રાઠોડે લાલપુર વિભાગના એએસપી પ્રતિભાના વડપણ હેઠળ દરોડો પાડ્યો હતો.

ત્યાં આવેલા જુમાભાઈના સ્ટોન ક્રશરથી ઓળખાતા ભરડીયામાં પોલીસે તલાશી લેતા ત્યાંથી ૧૫૮૦ લીટર ભેળસેળયુક્ત બાયોડીઝલ જેવું જવલનશીલ પ્રવાહી મળી આવ્યું હતું. સ્થળ પરથી એક બોલેરો તથા ટ્રક પણ પોલીસે ડીટેઈન કર્યા છે. આ જથ્થો કાસમ ઈકબાલ ખફી નામના ધરારનગર-૧માં રહેતા શખ્સે ત્યાં રાખ્યો હોવાનું ખૂલ્યું છે. તેણે ટ્રક ડ્રાઈવર દ્વારકા જિલ્લાના હમુસર ગામના અનવર દાઉદ હોંધીયા તથા ટ્રકના ક્લિનર મુસા ઓસમાણ હોંધીયાને તેઓના ટ્રકમાં ભરી આપવાનું કૃત્ય કર્યું હતું.

પીઆઈ વી.જે. રાઠોડે ખુદ ફરિયાદી બની કાસમ ઈકબાલ ખફી, અનવર દાઉદ તથા મુસા ઓસમાણ સામે મંજૂરી મેળવ્યા વગર જ જવલનશીલ પદાર્થ અનઅધિકૃત રીતે રાખી, વેચાણ કરી રહેણાંક વિસ્તારમાં આ પ્રકારનું પ્રવાહી રાખી ગંભીર બેદરકારી દાખવવા અંગે ફરિયાદ નોંધાવી છે.ત્યાંથી મળી આવેલા રૂ.૧૧,૬૯૨૦ની કિંમતના પ્રવાહી ઉપરાંત બોલેરો અને ટ્રક મળી કુલ રૂ.૨૧,૧૬,૯૨૦નો મુદ્દામાલ કબજે કરી લેવામાં આવ્યો છે.

# રશિયનશીપમાં વિદેશી નાગરિકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીકના દરિયામાં લાંગરેલી રશિયાની એક શીપમાં મિસ્ટર પીવનેકો દેમિત્રી નામના ૪૭ વર્ષના રશિયન નાગરીકે ગઈકાલે શીપ ની અંદર જ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.જે બનાવ અંગે જામનગરના એટલાન્ટિક શિપિંગ કંપનીના કર્મચારી યુવરાજસિંહ હરેન્દ્રસિંહ જાડેજાએ પોલીસને જાણ કરતાં બેડી મરીન પોલીસ સ્ટેશન ના પોલીસ સ્ટેશનના પી.આઇ. વી.એસ. પોપટ તેમજ રાઈટર એસ.કે. જાડેજા વગેરે દરિયામાં લાંગરેલી રશિયનશિપમાં પહોંચ્યા હતા.

જ્યાંથી મૃતદેહનો કબજો સંભાળી જામનગર લઈ આવ્યા બાદ સરકારી જી.જી. હોસ્પિટલમાં તબીબોની પેનલ મારફતે તેનું પોસ્ટ મોર્ટમ કરાવાયું હતું, અને શીપિંગ એજન્ટના માધ્યમથી મૃતદેહને કોફીનમાં પેક કરીને રશીયા પરત મોકલવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન શિપના અન્ય કર્મચારીઓના જણાવ્યા અનુસાર મૃતક યુવાન કે જેની પત્ની સાથે વાંધો પડ્યો હતો, અને તેની પત્નીને રશિયામાં કોઈ અન્ય વ્યક્તિ સાથે અફેર હોવાનું જાણવા મળી જતાં વ્યથિત થઈને તેણે આ પગલું ભરી લીધાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા તે અંગેની કાર્યવાહી પૂર્ણ કરી લેવામાં આવી છે.

# જામનગર જિલ્લાના શખ્સને કરાયો હદપાર

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર લાલપુરમાં વસવાટ કરતા મૂળ નાના ખડબા ગામના શખ્સને હદપાર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ દરખાસ્ત લાલપુર પોલીસે રજૂ કર્યા પછી એસડીએમે તેને મંજૂર રાખી છે.લાલપુર શહેરના સાનિધ્ય પાર્કમાં રહેતા મૂળ નાના ખડબા ગામના નરેન્દ્રસિંહ વનરાજસિંહ જાડેજા નામના શખ્સ સામે હદપાર કરવાની દરખાસ્ત લાલપુરના પીઆઈ કે.એલ. ગળચર દ્વારા તૈયાર કરીને મંજૂરી માટે એસડીએમ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.તે દરખાસ્તને મંજૂરી કરાતા ગઈકાલે લાલપુર પોલીસે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૫૭ (ગ) હેઠળ હદપાર કરાયેલા નરેન્દ્રસિંહની અટકાયત કરી તેને હદપાર કર્યો છે. આ શખસ સામે વર્ષ ૨૦૨૧માં એક તથા વર્ષ ૨૦૨૪માં લાલપુર પોલીસ સ્ટેશનમાં કુલ ત્રણ ગુન્હા નોંધાયેલા હતા.

# ભાણવડના માતા-પૂત્રના વિમાની દુર્ઘટનામાં કરૂણ મોત નિપજ્યા

## દ્વારકા જિલ્લામાં શોકની લાગણી પ્રસરી

**મુખ્ય સમાચાર, ખંભાળિયા**



અમદાવાદમાં બુધવારના રોજ અમદાવાદથી લંડન જતી એરઈન્ડિયાની ફલાઈટ ક્રેશ થયા બાદ ૨૯૦ લોકોના મોત નિપજ્યાની ઘટનામાં ભાણવડના એક માતા-પૂત્રનો પણ દુર્ઘટનામાં ભોગ લેવાયો છે અને બંનેના મોત નિપજ્યા હતા.માતા-પુત્રના મોતના પગલે દ્વારકા જિલ્લામાં શોકની લાગણી પ્રસરી છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મુળ પોરબંદરના ખાંભોદરના તથા હાલ દ્વારકા જિલ્લાના ભાણવડમાં રહેતા મેર જ્ઞાતિના રિધ્ધીબેન ગોઢાણીયા અને તેમના ત્રણ વર્ષના પૂત્ર કિયાનનો સમાવેશ થાય છે.બંને માતા-પૂત્ર આ દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં અમદાવાદથી લંડન જઈ રહ્યા છે.વિમાની દુર્ઘટનાના પગલે દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ તન્ના દ્વારા ડીસ્ટ્રીકટ ઈમરજન્સી સાથે માહિતી માટે કન્ટ્રોલરૂમ શરૂ કરવામા આવ્યો છે અને આ કન્ટ્રોલરૂમમાંથી વિમાની દુર્ઘટના વિષે માહિતી મળી શકશે અને આ માટેના નંબરો પણ જાહેર કરવામા આવ્યા છે. માતા-પુત્રના મોતને કારણે તેમના સ્વજનોમાં અરેરાટી પ્રસરી ગઈ છે.

# ભૂતખાના ચોકમાં બાઈક સવારને હડફેટે લેનાર સિટીબસ ચાલક વિરૂધ્ધ નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રોડ પર માતેલા સાંઢ માફક ચાલતી સિટીબસ સમયાંતરે અકસ્માત સર્જી લોકોના જીવ ભરખી જાય ૫ છે.ત્યારે ૧૯ દિવસ પૂર્વે ભૂતખાના ચોકમાં બાઈક પર જઈ રહેલા દંપતી અને ૯ વર્ષીય બાળકને આવી જ બે લગામ ચાલતી સિટીબસે હુડફેટ લેતાં ત્રણેયને ઈજા પહોંચી હોય જે અંગે એ ડિવિઝન પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ની વિગતો મુજબ, રૈયા રોડ પર આવેલા અંબિકા પાર્ક શેરી નંબર ૨ માં રહેતા નિમિતભાઈ અનિલભાઈ દાવડાએ પોલીસમાં સીટીબસ નંબર જીજે ૦૩ ઈબી ૨૧૫૭ના ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૫/૫ ના તેઓએ પત્ની હેતલ અને ૯ વર્ષીય પુત્ર કેવલ સાથે બાઈક પર ગુંદાવાડીમાંથી ખરીદી કરીને પરત ફરી રહ્યા હોય ત્યારે ભૂતખાના ચોક પાસે પહોંચતા પુરપાટ ઝડપે ધસી આવેલી સિટી બસના ચાલકે તેમની બાઈકને ઠોકરે લીધી હતી.

આ ઘટનામાં કેવલને પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા પ્લાસ્ટિક સર્જરી કરવી પડી હતી. જયારે હેતલબેનને ખાંભાના ભાગે ફેક્ચર જેવી ઈજા પહોંચી હતી. નિમિતભાઈની ફરિયાદના આધારે એ ડિવિઝન પોલીસે ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# સગર્ભા મહિલા માટે આશીર્વાદરૂપ બની ૧૦૮ની સેવા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નજીકના લાખાબાવળ વાડી વિસ્તારમાં પરિણીતાને પ્રસુતિ પીડા ઉપડતા તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી પરંતુ મહિલાની હાલત નાજૂક હોય અને બાળકની નાળ ગળામાં ફસાઈ ગયા હોવાનું જાણવા મળતા તાત્કાલિક ત્યાં જ ડિલિવરી કરવામાં આવી હતી. જે બાદ હોસ્પિટલ લઈ જતા બંને માતા અને બાળક સ્વસ્થ જાહેર થયા હતા.જામનગર તાલુકાના લાખાબાવળ ગામમાં વાડી વિસ્તારમાં રહેતી આરતીબેન વિજયભાઈ નામની ૨૦ વર્ષની પરણીતા, કે જેને ગત રાત્રે પ્રસુતિની પીડા ઉપડી હતી, જેથી તેમણે તાત્કાલિક અસરથી ૧૦૮ની ટીમને બોલાવવામાં આવી હતી. જે તાત્કાલિક ત્યાં પહોંચી હતી. ત્યાં પરિસ્થિતિ જોતાં મહિલાની હાલત નાજુક હોવાનું અને તેના પેટમાં રહેલા બાળક ની નાળ ગળામાં ફસાઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.જેથી ઈમરજન્સીમાંજ વાડીવિસ્તારમાં સ્થળ પર જ ડીલેવરી કરવાનો વારો આવ્યો હતો, અને તે ડીલેવરી સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. અને આરતી બેને એક બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ માતા પુત્ર બંનેને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં બંનેની તબીયત સ્વસ્થ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

# રાજકોટના લોઠડા ગામે લોટના ધંધામાં 'કમાણી' બતાવી પિતા-પુત્ર ૩૩ લાખ ઓળવી ગયા

## લોન લેવડાવીને દસ હપ્તા ભર્યા બાદ કારખાનું બંધ કરી દીધું ત્રણ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના લોઠડા ગામે અક્ષર ઈન્ડસ્ટ્રીઝ નામનું કારખાનું ધરાવતાં યુવક સાથે લોટના ધંધામાં 'કમાણી' બતાવી પિતા-પુત્રની ત્રિપૂટીએ ૩૩ લાખની છેતરપિંડી કરતાં પોલીસે ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો.

આ અંગે કોઠારિયા ગામે રામેશ્વર ગોલ્ડ શેરી નં.૩માં રહેતા કુલદીપ સુરેશભાઈ અગોલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેના કારખાનાની સામે જ ઓમકાર પ્રોડક્ટસ નામનું અગરબત્તીનું કારખાનું ધરાવતાં અર્પિત ચંદુભાઈ ચોથાણી સાથે સારો એવો સંબંધ હતો અને એકબીજાને મદદરૂપ થતા હતા. આ પછી અર્પિત ચોથાણી, તેના પિતા ચંદુ ચોથાણી અને અર્પિતના ભાઈ શરદ ઉર્ફે આશિષ ચોથાણીએ ઘઉં દળી તેના લોટના ધંધામાં સારી એવી કમાણી થશે તેવું કહી રોકાણ કરવા માટે કહ્યું હતું. શરૂઆતમાં તો કુલદીપે રોકાણ કરવાનો ઈનકાર કર્યો હતો પરંતુ ત્રણેયે વારંવાર કહેતા તૈયાર થયો હતો.

આ પછી મશીનરી માટે કુલદીપે રોકડા ૧૧ લાખ રૂપિયા આપ્યા હતા. આ પૈસા આંગન નામની ભાગીદારી પેઢીમાં જમા કરાવીને ધંધો શરૂ કર્યો હતો. ત્યારબાદ કુલદીપે આવાસ ફાયનાન્સમાંથી મકાન ઉપર ૨૧.૪૫ લાખ,ઈન્ડુસઈન્ડ બેન્કમાં ત્રણ સીસી કરાવી ૧૯.૩૬ લાખ તેમજ ત્રણ બેન્કમાંથી ૨૦ લાખની લન મળી કુલ ૭૧,૮૧,૬૦૦ની લોન લઈ આંગન પેઢીમાં જમા કરાવી હતી.

કારખાનું નવેક મહિના સુધી બરાબર ચાલતાં કુલદીપે લીધેલી લોનના હપ્તા સમયસર ભરાઈ રહ્યા હતા. જો કે તે પછી હપ્તા ભરવાનું બંધ કરી દેતાં વારંવાર યાદી આપ્યા બાદ બીજા હપ્તા ભર્યા હતા. એકંદરે અત્યારે ૧૮ લાખની લોન બાકી હોવાનું કુલદીપે ફરિયાદમાં જણાવ્યું હતું. આ પછી ત્રણેય પિતા-પુત્ર સંતોષકારક જવાબ આપતાં ન હોય ભાગીદારી છૂટી કરવા અને લોન તેમજ હપ્તાના કુલ ૩૩ લાખ બાકી નીકળતા હોવાનું લખાણ કરવામાં આવ્યું હતું પરંતુ ત્રણેય કારખાનું બંધ કરી જતા રહ્યા હોય હવે પૈસા આપવામાં ઠાગાઠેયા કરતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# ઢાંક ગ્રામ પંચાયત સ્થાપના બાદ ચુંટણીમાં પ્રથમ વખત સમરસ થઈ

## સરપંચ તરીકે સંજય ભાઈ લુણસીયા અને ૧૨ સદસ્યો બિન હરીફ થયા

**મુખ્ય સમાચાર, ઉપલેટા**



ઉપલેટા તાલુકા ના ઢાંક ગામ પંચાયત સમરસ થઈ ઢાંક ગ્રામ પંચાયત માં ૧૨ વોર્ડ ધરાવતી પંચાયત મા તમામ ઉમેદવારો બિન હરીફ થઈ આવ્યા છે.

જયાર થી પંચાયતની સ્થાપના થઇ ત્યારથી પ્રથમ વાર ઢાંક ગ્રામ પંચાયત સમરસ થઈ આવી છે.

ઢાંક ગામ ૧૨ વોર્ડ માં તમામ ઉમેદવારો એ બિન હરીફ થઈ આવ્યા હતા સામે ના ઉમેદવારો એ સમજૂતી થી ફોર્મ પરત ખેંચતા ઢાંક ગ્રામ પંચાયત ચુંટણી માં સમરસ થઈ આવી છે આ તકે ઢાંક ગામે બિન હરીફ થયેલા સરપંચ અને તેના તમામ સભ્યો ને આ તકે અભિનંદન પાઠવમા આવે છે.

# રાજકોટમાં છ વર્ષની બાળકી, ૧૧ વર્ષના બાળક સહિત ૧૧ કોરોનાગ્રસ્ત

## કોઠી કમ્પાઉન્ડ, જાગનાથ, સાધુ વાસવાણી રોડ, જલારામ-૨ સહિતના વિસ્તારોમાંથી કેસ મળ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટમાં કોરોનાના કેસ મળવાનું અવિરતપણે યથાવત જ રહ્યું છે ત્યારે તેમાં વધુ ૧૧ દર્દીનો ઉમેરો થયો છે જેમાં છ વર્ષની બાળકી, ૧૧ વર્ષના બાળક સહિતનો સમાવેશ થાય છે. આ સાથે જ ૧૯ મેથી લઈ આજ સુધીમાં કોરોનાના કુલ ૧૪૪ દર્દી નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૮૬ સાજા થઈ ગયા છે તો ૫૮ હજુ સારવાર હેઠળ છે.

જે નવા કેસ મળ્યા છે તેમાં વોર્ડ નં.૩ના અમૃત પાર્કમાં ૬ વર્ષની બાળકી, વોર્ડ નં.૧૨ના સાગર બંગ્લોઝમાં ૧૧ વર્ષનું બાળક, વોર્ડ નં.૩ના કોઠી કમ્પાઉન્ડમાં ૪૦ વર્ષીય યુવક, ૩૪ વર્ષીય યુવતી, વોર્ડ નં.૧૧ના ઓમ રેસિડેન્સીમાં ૪૬ વર્ષીય યુવક, વોર્ડ નં.૯ના સાધુ વાસવાણી રોડ પર ૬૮ વર્ષીય વૃદ્ધ, વોર્ડ નં.૧૦ના જલારામ-૨માં ૩૬ વર્ષીય યુવતી, વોર્ડ નં.૧૩ના ગોપાલનગરમાં ૩૯ વર્ષીય યુવક, વોર્ડ નં.૭ના જાગનાથમાં ૨૨ વર્ષીય યુવતી, વોર્ડ નં.૧ના મણીનગરમાં ૩૬ વર્ષીય યુવતી અને વોર્ડ નં.૮માં સતનાપ હોસ્પિટલ પાસે રહેતાં ૫૮ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

છ વર્ષની જે બાળકી કોરોનાગ્રસ્ત થઈ છે તેની ટ્રાવેલ હિસ્ટ્રિ સાળંગપુર હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં પુત્ર રૂષભ અમેરિકાથી ગાંધીનગર પહોંચ્યા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**



અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું દુઃખદ નિધન થતાં રાજ્યભરમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર રાજકોટ ખાતે કરવામાં આવશે, જેના પગલે શહેરભરમાં ગમગીની વ્યાપી છે.

આ કરૂણ દુર્ઘટનાના સમાચાર મળતા જ વિજયભાઈ રૂપાણીના પરિવારજનો પહોંચી ગયા છે. તેમના પુત્ર રૂષભ આજે વહેલી સવારે અમેરિકાથી ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને હવે, પરિવાર સાથે રાજકોટ પહોંચશે તેવી માહિતી છે. ગઈકાલે જ વિજયભાઈના દીકરી રાધિકા અને પત્ની અંજલિબેન લંડનથી ગુજરાત આવી ગયા હતા. આવનારા દિવસોમાં, પરિવારના સભ્યોની હાજરીમાં, સંભવતઃ રાજકોટમાં અંતિમવિધિ સંપન્ન થશે તેમ જાણવા મળે છે.

પૂર્વ મુખ્યમંત્રીના અવસાનથી સમગ્ર રાજકોટ શહેરમાં ઘેરા શોકનો માહોલ છવાયો છે. તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના ભાગરૂપે, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આજના રોજ અડધો દિવસ ધંધા અને રોજગાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચેમ્બર દ્વારા તમામ વેપારીઓને આ બંધમાં સહભાગી થવા માટે અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરની ૬૦૦થી વધુ ખાનગી શાળાઓ પણ આજે બંધ રહેશે, જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ આ દુઃખદ અવસરે શ્રદ્ધાંજલિ અર્પી શકે.

પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના રાજકોટ સ્થિત નિવાસસ્થાન પ્રકાશ સોસાયટી ખાતે તેમની અંતિમવિધિની તૈયારીઓ ચાલી રહી છે. રાજકોટ શહેર પોલીસ દ્વારા સ્થળ પર નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. ટ્રાફિક ડીસીપી દ્વારા ખાસ કરીને અંતિમયાત્રા અને વિધિ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે ચુસ્ત બંદોબસ્તનું નિરીક્ષણ કરાયું છે. ગઈકાલે પણ અનેક રાજકીય નેતાઓએ ગાંધીનગર પહોંચી અંજલિબેનને સાંત્વના પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૨ જૂન ૨૦૨૫ના રોજ ગુરુવારે બપોરે અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડા સમય બાદ જ એર ઈન્ડિયાનું લંડન જતું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૬૫ લોકોના જીવ ગયા છે. પ્રાપ્ત માહિતી મુજબ, દુર્ભાગ્યપૂર્ણ વિમાનમાં કુલ ૨૪૨ મુસાફરો સવાર હતા, જેમાં બે પાઈલટ તેમજ ૧૦ ક્રૂ સભ્યોનો પણ સમાવેશ થતો હતો. આ દુર્ઘટનામાં પૂર્વ મુખ્યમંત્રીના નિધને રાજ્યમાં શોકની વધુ એક લહેર ફેલાવી દીધી છે.

# મોરબીમાં થયેલ ત્રિપલ મર્ડર કેસમાં ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાની હદમાં લીલાપર ગામ નજીક આવેલ વજેપર ગામના સર્વે નંબરની જમીનનો વિવાદ ચાલતો હતો જેથી વર્ષ ૨૦૧૮ માં જીવલેણ હુમલો કરવામાં આવેલ હતો જે બનાવમાં એકી સાથે ત્રણ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી જે ત્રીપલ હત્યાનો કેસ મોરબીની સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં સરકારી વકીલની દલીલ તથા રજૂ કરવામાં આવેલ આધાર પુરાવાઓને ધ્યાન રાખીને કોર્ટે ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા અને દરેકને ૫૬-૫૬ હજારનો દંડ ફટકાર્યો છે.

વર્ષ ૨૦૧૮ન ઓગસ્ટ મહિનાની ૧૨ મી તારીખે મોરબી નજીકના લીલાપર ગામ પાસે બોરીયા પાટી નજીક આવેલ ખેતીની જમીનના વિવાદમાં રાત્રિના સમયે જુદા જુદા છ બાઈક ઉપર આવેલા ૧૨ શખ્સો દ્વારા લાકડી, પાઈપ ધોકા, ટામી જેવા હથિયારો સાથે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો અને ત્યારે ત્યાં વાડીએ હાજર રહેલા દિલાવર પઠાણ, અફઝલ પઠાણ અને મોમીન પઠાણ નામના ત્રણ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી.

જે બનાવ સંદર્ભે મૃતક વ્યક્તિના દીકરા વસિમભાઈ પઠાણએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે કુલ મળીને ૧૨ શખ્સોની સામે ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે હત્યા, રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીઓની ધરપકડ કરી હતી અને આ ગુનામાં પકડાયેલા આરોપીઓ મોરબીની સબ જેલમાં હતા દરમ્યાન શુક્રવારના રોજ મોરબીની સેશન્સ કોર્ટે હત્યાના આ કેસમાં ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.

મોરબીની સેશન્સ કોર્ટમાં ચાલી ગયેલ હત્યાના આ કેસમાં સરકારી વકીલ વિજયભાઈ જાની દ્વારા રજુ કરવામાં આવેલ આધાર પુરાવાઓ, જુદીજુદી કોર્ટના ચૂકદાઓને ધ્યાને લઈને તેમજ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાને રાખીને સેશન્સ કોર્ટના જજ ડી.પી. મહિડા સાહેબ દ્વારા હત્યાના ચકચારી કેસમાં કુલ મળીને જે ૧૨ આરોપીઓ હતા તે પૈકીના ૧ આરોપી શીવાભાઈ રામજીભાઈનું જેલમાં અગાઉ અવસાન થયું હતું.

જોકે બાકીના ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે તથા જુદી જુદી કલમ હેઠળ દરેક આરોપીને ૫૬,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે અને આરોપીઓ દ્વારા દંડની રકમ ભરવામાં આવે તેમાંથી જે ત્રણ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી તેના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાનું વળતર આપવા માટેનો ચુકાદો આપવામાં આવ્યો છે.

જે આરોપીઓને સજા કરવાં આવી તેમાં ભરતભાઈ નારણભાઈ ડાભી, જયંતિભાઈ નારણભાઈ, અશ્વિનભાઈ જીવરાજભાઈ, ભરતભાઈ જીવરાજભાઈ, ધનજીભાઈ મનસુખભાઈ, કાનજીભાઈ મનસુખભાઈ, જીવરાજભાઈ રામજીભાઈ, મનસુખભાઈ રામજીભાઈ, પ્રવીણભાઈ શિવાભાઈ, કિશોરભાઈ શીવાભાઈ અને સંજયભાઈ નારણભાઈનો સમાવેશ થાય છે.

# રાજકોટ શહેરની બજારો તથા શાળાઓ સ્વયંભૂ સજ્જડ બંધ






















તસવીર : આનંદ જાવીયા

## રાજકોટની મુખ્ય બજારો લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, દીવાન રોડ, ઘી કાંટા રોડ, રૈયા નાકા ટાવર, સોની બજાર સહિતની બજારોના વેપારીઓએ એકત્ર થઇ વિજયભાઇને શ્રદ્ધાંજલિ પાઠવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુરુવારે ગુજરાત માટે કાળો દિવસ માનવામાં આવે છે. અમદાવાદથી લંડન જતું પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થતાં તેમાં સવાર તમામ પેસેન્જર, ક્રૂ મેમ્બર્સ અને પાયલોટના મોત થયા હતા. આ પ્લેનમા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નું પણ નિધન થયું છે.

આ સમાચાર બાદ રાજકોટમા શોકની લાગણી પ્રસરી ગયેલ છે. લોકો આ ઘટનાને પગલે દુખ વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે આજ રોજ રાજકોટના વેપારી મંડળના સભ્યો દ્વારા બજાર અડધો દિવસ બંધ રાખવાનું એલાન કર્યું છે.

આજ સવારથી રાજકોટની મુખ્ય બજારો લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, દીવાન રોડ, ધીંકાટા રોડ, રૈયા નાકા ટાવર, સોની બજાર સહીતની તમામ બજારો બંધ રાખવામા આવી છે.

ધી રાજકોટ હોલસેલ ટેક્સટાઇલ મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખ હિતેશ અનડકટ જણાવ્યું કે ગઈ કાલે અમદાવાદ શહેરમા થયેલ વિમાન દુર્ઘટનામા રાજકોટ શહેર ના પનોતા પુત્ર તેમજ ગુજરાતના પૂર્વ પ્રમુખ પ્રધાન વિજય ભાઈ રુપાણીનુ દુખદ અવસાન થયેલ છે ત્યારે ધી રાજકોટ હોલસેલ ટેક્સટાઇલ મર્ચન્ટ એશોશીએશન પરિવારના તમામ વેપારીઓ આજ રોજ પોતાની દુકાન, શોરૂમ, અડધો દિવસ, એક વાગ્યા સુધી બંધ રાખી સદગતને શ્રદ્ધાજલી અર્પણ કરશે.''

આ બંધમા શહેરના મુખ્ય બજાર એવા લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, દીવાન રોડ, ધીંકાટા રોડ, રૈયા નાકા ટાવર, સહીત ની તમામ કાપડ તેમજ કપડા ના વેપારીઓ જોડાય સવારે ૧૧ કલાકે ધર્મેન્દ્ર રોડ કોર્નર ખાતે એકઠા થઈ ભોગ બનનાર તમામ મૃત આત્મા ને શ્રધાંજલી અર્પણ કરશે. સવાર થી રાજકોટની મુખ્ય બજારો લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, દીવાન રોડ, ઘીકાટા રોડ, રૈયા નાકા ટાવર, ગંદાવાડી, સોની બજાર સહિત અનેક બજારો સ્વયંભૂ બંધ રહી હતી. બપોરે ૨ વાગ્યા સુધી બજારો બંધ રહી હતી તેમજ વિવિધ બજારો ના વેપારીઓએ ભેગા થઈ અમદાબાદ પ્લેન ક્રેશના દિવંગતોને અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, સહિત હોદેદારો તથા કારોબારી સભ્યો દ્વારા ઘેરા શોક અને દુખની લાગણી વ્યક્ત કરી ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. તેમજ તેમના પરિવાર પર આવી પડેલ આ વિયોગનું દુખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.''

ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે પ્રસ્થાપીત થયેલા તેવા રાજકોટના પનોતા પુત્ર અને સૌના હ્રદયસ્થ એવા નેતા સ્વ. વિજયભાઈ રૂપાણીના અવશાનથી સમગ્ર સૌરાષ્ટ્ર અને રાજકોટને ખુબ જ મોટી ખોટ પડી છે જે ક્યારેય પણ પુરી શકાશે નહી.

સાથો સાથ આ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ તમામ દિવંગતોની આત્માઓને પણ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી.

આ ઘટના અંગે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ જણાવે છે કે વિજયભાઈ રૂપાણી ની અણધારી વિદાય થી રાજકોટવાસી સ્તબ્ધ છે. તેઓએ શું આપ્યું કરતા શું નથી આપ્યું રાજકોટને તે વિચારવાનું થાય છે દરેક ક્ષેત્રે રાજકોટના વેપારીઓને ભેટ આપી છે.

# સરગમ કલબે એક ઉમદા માર્ગદર્શક ગુમાવ્યા છેઃ ગુણવંતભાઈ ડેલાવાળા

### સરગમ પરિવારના હજારો સભ્ય વતી શ્રદ્ધાંજલિ પાઠવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પનોતા પુત્ર, પૂર્વ મુખ્યમંત્રી અને બધાથી ઉપર એક સરળ પ્રકૃતિનાં વ્યક્તિ એવા વિજયભાઈ રૂપાણીના નિધનથી રાજકોટને જ નહી પણ સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતને મોટી ખોટ ગઈ છે તેમ જણાવી સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમણે કહ્યુ છે કે, સ્વ. વિજયભાઈએ કરેલા સમાજસેવાના કાર્યોને રાજકોટ ક્યારેય ભૂલી શકશે નહી.

ગુણવંતભાઈએ કહ્યુ છે કે, સ્વ. વિજયભાઈ સરગમ કલબ અને સરગમ પરિવાર સાથે વરસોથી સંકળાયેલા હતા અને કાયમ માટે માર્ગદર્શક રહ્યા છે. સરગમ કલબને જયારે કોઈ પણ માર્ગદર્શનની જરૂર પડતી ત્યારે તેઓ ઉપયોગી સલાહ આપતા હતા. વધુમાં સરગમ કલબને ઈન્ડોર સ્ટેડીયમ અને હેમુ ગઢવી હોલનું સંચાલન આપવામાં પણ વિજયભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સિવાય પણ જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં વિજયભાઈ સરગમ પરિવારની પડખે ઉભા રહ્યા હતા.

વિજયભાઈ સરગમ કલબના અનેક કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહ્યા હતા અને સેવાકાર્યોને બિરદાવ્યા હતા તેમ જણાવતા ગુણવંતભાઈએ કહ્યુ છે કે,આજે વિજયભાઈને ઈશ્વરે આપની પાસેથી છીનવી લીધા છે ત્યારે આ વાત માનવા માટે મન તૈયાર થતું જ નથી. સમગ્ર ડેલાવાળા પરિવારને સ્વ. વિજયભાઈ સાથે આત્મીય સંબંધ હતો. ગુણવંતભાઈ અને વિજયભાઈ રાજકોટની વિરાણી સ્કુલમાં સાથે ભણ્યા હતા અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શાખામાં પણ સાથે જ જતા હતા. આમ ગુણવંતભાઈ અને વિજયભાઈ વચ્ચે વરસોથી પારિવારિક સંબંધો હતા. તેમણે સરગમ પરિવારના હજારો સભ્યો વતી સ્વ. વિજયભાઈને શ્રધ્ધાંજલી પાઠવી છે.

# રાજકોટનું ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ તા.૧૯ ના રોજ યોગમય બનશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી તા.૧૯ જૂનના રોજ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોગ શિબિર યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મેદસ્વિતાથી મુક્તિના આહ્વાનને અનુસરી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી ૨૧ જૂનના યોગ દિવસ સુધી યોગ-પ્રાણાયામ દ્વારા મેદસ્વિતાને દૂર કરવાની દિશામાં પ્રયાસો થઇ રહ્યા છે. ત્યારે યોગનો અમૂલ્ય વારસો ગુજરાતના દરેક વ્યક્તિ સુધી પહોંચે અને લોકોમાં શારીરિક તથા માનસિક તંદુરસ્તી માટે જાગૃતિ કેળવાય તે હેતુથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે આગામી તા.૧૯ જૂનના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ ખાતે સવારે ૫:૩૦ થી ૭:ક૩૦ દરમ્યાન યોગ શિબિર યોજાશે. આ યોગ શિબિરમાં શહેરીજનો ઉપસ્થિત રહી યોગ શિબિરને સફળ બનાવે તેવી અપીલ કરવામાં આવી છે.

# ચોમાસામાં કપાસના વાવેતર વખતે ધ્યાનમાં રાખવાની માર્ગદર્શક સલાહો

### ગુલાબી ઈયળનો ઉપદ્રવ ટાળવા આગોતરું વાવેતર ન કરવા સલાહ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોમાસું આવી પહોંચ્યું છે અને ખેડૂતો વાવણીની તૈયારીમાં લાગ્યા છે, ત્યારે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તરઘડિયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કપાસના વાવેતરમાં રાખવાની માર્ગદર્શક સલાહો જારી કરવામાં આવી છે. જે મુજબ, કપાસના પાકમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ ના થાય તે માટે ઓરવીને આગોતરું વાવેતર કરવું નહીં. વાવણીલાયક વરસાદ સમયે જ વાવેતર કરવું. કપાસના પાકમાં ઈયળોમાં બી.ટી. જીન સામે પ્રતિકારક શક્તિ ન આવે તે માટે બિયારણના પેકેટ સાથે આપવામાં આવતું નોન બીટી (રેફ્યુજી) બીજનું વાવેતર અવશ્ય કરવું.

અનિયમિત વરસાદથી થતું જોખમ ઓછું કરવા કપાસના પાકમાં તલ, મગફળી, સોયાબીન, કઠોળ જેવા પાકોનું આંતર પાક તરીકે વાવેતરનું આયોજન કરવું.

કપાસ બોલગાર્ડની પ્રમાણિત જાતોમાં, વહેલી પાકતી જાતોમાં એ.ટી.એમ., ફર્સ્ટ ક્લાસ, ૭૫૭૬, સુપર્બ, જાદુ, જય, નિયો, સંકેત, નવાબ, અંબુજા, ભરોસા (સીક્કર બીજ), સુરક્ષા, બળવાન, આર.સી.એચ-૭૭૯નો સમાવેશ થાય છે. જ્યારે મધ્યમ મોડી પાકતી જાતોમાં ગુજરાત સંકર-૬, એગ્રીટોપ-૪૪૪, એગ્રીટોપ-૭૭૭, સોલાર-૭૭, મલ્લિકા, આર.સી.એચ.-૬૫૯, પ્રવર્ધન, ગાંડીવ (સીક્કર બીજ) અજીત-૫, ૧૫૫, ૧૧૧, ૧૧૫૫નો સમાવેશ થાય છે.

# તરછોડાયેલ નવજાત શિશુની વ્હારે આવતી ૧૦૮ ઈમરજન્સી સેવા

### અમદાવાદ હાઈવે ઉપર અનાથ શિશુ મળી આવતા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડાયું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આરોગ્યની સુખાકારી છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારે આરોગ્યલક્ષી અનેકવિધ યોજનાઓ અમલી કરી છે. જેમાં ૧૦૮ એમ્બ્યુલેન્સ સેવા સંબંધિત સ્થળે પહોંચીને દર્દીઓને સારવાર અર્થે તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર ગણતરીની મિનિટોમાં પહોંચાડીને સરાહનીય કામગીરી કરી રહી છે. આવા જ એક કિસ્સામાં અમદાવાદ હાઈવે પર સાયલા વિસ્તારની શ્રીજી હોટલ નજીક એક નવજાત શિશુ મળી આવતાં જાગૃત નાગરિકે ફોન દ્વારા ૧૦૮ ને ફોન કર્યો હતો. આથી ૧૦૮ના ઈ.એમ.ટી. શ્રી બળવંત રોજાસરા અને ડ્રાઈવરશ્રી વિજયસિંહ જાડેજા સ્થળ પહોંચ્યા હતા.

આ સમયે સ્થળ પર અનેક લોકો ઉમટી પડ્યા હતા. ૧૦૮ ટીમ દ્વારા નવજાત શિશુને તપાસ કરતા જાણવા મળ્યું કે, નવજાત શિશુ જીવંત પુરુષ છે અને ખુલ્લા વાતાવરણમાં હોવાથી શિશુનું શરીર ગરમ હતું તેમજ ધૂળ તથા માટી શરીર પર લાગેલી હતી. ૧૦૮ની ટીમ દ્વારા શિશુના શરીરની સફાઈ કરીને કોર્ડ ક્લેમ્પ કરી નવજાત શિશુને શ્વાસ લેવામાં તકલીફ જણાતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન આપીને સારવાર શરૂ કરાઈ હતી. ત્યાર બાદ શિશુને સાયલાના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યું હતું. ફરજ પરના ડોકટરે નવજાત શિશુને વધારાની સારવાર અર્થે સુરેન્દ્રનગર સ્થિત એમ.જી.જનરલ હોસ્પિટલના આઇ.સી.યુ.માં રીફર કરીને એડમિટ કરાવ્યું છે અને હાલ નવજાત શિશુના આરોગ્યની સ્થિતિ સ્થિર છે. આમ, ૧૦૮ ઈમરજન્સી સેવા તરછોડાયેલ નવજાત શિશુની વ્હારે આવી અને તેના જીવનને સુરક્ષિત કર્યું છે.

# હોસ્ટેલ અને વિમાન ઉપરાંત પણ અન્ય લોકોએ જીવ ગુમાવ્યા


ચાવડા દંપતી


હર્ષદિપસિંહ

### કુબેરનગરમાં આધારકાર્ડના કામ માટે નીકળેલા દંપતી દુર્ઘટના બાદ મિસિંગ થયા હતા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાએ ઘણા પરિવારોના જીવન ઉઝળી ગયા છે ત્યારે કેટલાંક સ્થાનિકો રોડ રસ્તા પરથી પસાર થતાં અને તેઓ પણ ગુમ થયા હોવાની ફરિયાદ સામે આવી રહી છે. કુબેરનગરમાં રહેતો ચાવડા પરિવાર પુત્ર અને પૂત્રવધૂની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. રણવીરસિંહ ચાવડા અને તેમના પત્ની ચેતનાબા ચાવડા દુર્ઘટનાના થોડા સમય પહેલા આધાર કાર્ડ અપડેટ કરાવવા માટે કંપાઉન્ડમાં ગયા હતા. પરંતુ તે પછી તેમનો કોઈ સંપર્ક થયો નથી. આ અંગે સ્થાનિક કોર્પોરેટરે જણાવ્યું કે, વિમાન દુર્ઘટના બાદ તેમનો કોઈ અતોપતો નથી. તેઓ મારા પાસેથી ફોર્મની વિગતો લઈન ગયા હતા જે પછીના બપોરના ૧.૪૦ કલાકના પ્લેન ક્રેશ બાદ રણવીરસિંહ અને તેમના પત્ની મિસિંગ છે. તેમના પરિવારે ડીએનએ આપી દીધા છે અને તેમનું વાહન પણ હોસ્ટેલના નજીકના બિલ્ડીંગ પાસેથી મળ્યું છે.

આ ઉપરાંત હર્ષદિપસિંહ બંગા પણ પ્લેનમાં ન હતો અને ઘરેથી ટિફિન લઈને નોકરી પર જવા માટે નીકળ્યો હતો. દુર્ઘટના વાળો વિસ્તાર અને નોકરીનો રૂટ એક જ છે અને પ્લેન ક્રેશ થવાના બાદથી માતાએ દીકરાને ફોન કર્યો પરંતુ તેનો ફોન સ્વીચ ઓફ આવી રહ્યો છે. જેથી તેમના પરિવારજનોએ સિવિલ પહોંચીને ડીએનએ સેમ્પલ આપ્યું છે પણ હજી સુધી તેની માહિતી મલી રહી નથી. જેથી લોકો જ્યાં વિમાનમાં અને હોસ્ટેલમાં જીવ ગુમાવનાર લોકોની વાત કરી રહ્યા છે ત્યારે જાહેર રોડ પર લોકોએ જીવ ગુમાવ્યા તેમની વિગતો પણ સામે આવી રહી છે.

# હું એર ઈન્ડિયાને બે-બે કરોડ આપું, શું મારા માતા-પિતાને પાછા લાવી આપશે

### ફાલ્ગુની પાઠક નામની મહિલાએ હૈયાફાટ રૂદન સાથે ઠાલવ્યો વલોપાતઃ પ્લેન બંધ કરો, કોઈના જીવ સાથે ખીલવાડ ન કરો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હું એર ઈન્ડિયાને બે-બે કરોડ રૂપિયા આપું છું, મારા માતા-પિતાને પાછા લાવી દેશે, હૈયાફાટ રૂદન સાથેના આક્રંદભર્યા આ શબ્દો હતા અમદાવાદ પ્લેન ક્રેશમાં માતા-પિતા ગુમાવનાર ફાલ્ગુની પાઠક નામની મહિલાના. શું નાણાંથી માતા-પિતા મળી જશે, શું મજાક બનાવી દીધી છે. હું બે કરોડ આપું મારા માતા-પિતાને જીવીત લઈ આવો, પૈસાથી શું પિતા મળશે, એ પ્યાર મળશે? એર ઈન્ડિયાએ ફ્લાઈટ ચેક કરવી જોઈતી હતી. કોઈના જીવ સાથે ખીલવાડ ન કરાય. કરૂણ આક્રંદ અને વલોપાતભર્યા શબ્દો સાથે મહિલાએ એર ઈન્ડિયા કંપનીની ખામી હોવાનો આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે પ્લેન બંધ કરો, ક્યાં મજાક બના રહે હો.

અન્ય એક મહિલા કે જ્યાં ફફ્લાઈટ ક્રેશ થઈ ત્યાં જ રહે છે તેણે રડતા શ્વરે કહ્યું કે પ્લેન સળગ્યું ને કાંઈક ઉડીને મારા પુત્રના માથામાં વાગ્યું. ચેઈને પરથી મેં મારા પુત્રને ઓળખ્યો છે.

# રામનાથપરામાં દારૂના ગુનામાં નાસતા ફરતા બે બુટલેગર પકડાયા

### બન્ને શખ્સો અઢી મહિનાથી ફરાર હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એ-ડીવીઝન પોલીસ હેઠળના દારૂના ગુનામાં ફરાર બે શખ્સોને પકડી લઈ કોર્ટ હવાલે કર્યા હતાં.

આ અંગે ની વિગત મુજબ એ-ડીવીઝન પીઆઈ બી.વી.બોરીસાગરની રાહબરીમાં પીએસઆઈ એસ.એમ.રાણા, એએસઆઈ બી.વી.ગોહિલ, એસ.એમ.મકવાણા, મહેશભાઈ ચાવડા અને ધારાભાઈ ગઢવી સહિતના સ્ટાફે બાતમીને આધારે વિજય ઉર્ફે બાલી માધુભાઈ ભટ્ટી (રહે.રામનાથપરા ભવાનીનગર શેરી નં.૧) અને મોહસીન ઉર્ફે ભેંસ નાસીરભાઈ તાપાણી (રહે. રામનાથ પરા ભવાનીનગર શેરી નં.૪)ની ધરપકડ કરી હતી. બન્ને આરોપી એ ડીવીઝન વિસ્તારના દારૂના ગુનામાં અઢી મહિનાથી ફરાર હતાં.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પતિ સાથે બંગાળી યુવતીને આડા સંબંધ હોવાની શંકાએ મહિલા સહિતના શખ્સો મારવા પહોંચ્યા

## બંગાળી યુવતીએ અમરેલીથી ભાગીને રાજકોટ હોટલમાં આશરો લીધોઃ મહિલા હેલ્પલાઈનની મદદ માગી ટીમએ તાત્કાલિક દોડી જઈ યુવતીની વહારે આવી આશરો આપ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સેવા મહિલા સુરક્ષા માટે દિવસ રાત ઉપલબ્ધ છે ત્યારે એક ૨૪ વર્ષીય યુવતી અન્ય મહિલા તેના ભાઈ સાથે મળી પોતાને મારશે તેવો ભયથી છેક અમરેલીથી રાજકોટ આવી પહોંચી હતી. યુવતીએ ૧૮૧ ઉપર સંપર્ક કરતા અભયમ ટીમે તુરંત મદદ કરી યુવતીને આશ્રય અપાવ્યો હતો.

વિસ્તૃત વિગત જોઈએ તો, રાજકોટ શહેરમાંથી એક પીડિતા બહેને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કર્યો હતો અને મદદ માંગી હતી. જેથી ૧૮૧ ટીમના કાઉન્સિલર મનિષા પરમાર, કોન્સ્ટેબલ રોજીબાનુ અને પાયલોટ જયભાઈ તત્કાલ સ્થળ પર પહોંચેલ હતા. કાઉન્સેલિંગ કરતા પીડિતા બહેને જણાવ્યું કે, હું મૂળ પશ્ચિમ બંગાળની વતની છું. રોજીરોટી કમાવવા દોઢ વર્ષથી ગુજરાત આવી અમરેલી ખાતે કેટરર્સનું કામ કરું છું. હું જ્યાં કામ કરવા જતી હતી તે મહિલા મારવા માટે આવેલ છે. તે મહિલાને શંકા છે કે, મારે તેના પતિ સાથે અફેર છે. તે મહિલાએ મારી ઉપર આરોપ લગાવેલ કે, તેમના પતિ સાથે હું રિલેશનમાં છું. અમરેલી ખાતે મારી સાથે મારપીટ કરસે તેની બીક હતી. જેથી હું અમરેલીથી રાજકોટ આવી હાલ અહીંની એક હોટલમાં રોકાઈ છું. હું જે હોટેલમાં હાલ રહું છું તેની જાણ આ મહિલાને થઈ જતા તે મહિલા પોતાના ભાઈ અને જેઠ સહિતના લોકોને લઈ રાજકોટ આવી છે. તે લોકો મને મારશે. હાલ તેઓ બધા હોટેલ બહાર જ ઉભા છે. હું ખૂબ ડરી ગઈ છું. પીડિતા બહેને એમ પણ જણાવ્યું કે, મારે તે મહિલાના પતિ સાથે અફેર નથી. પણ તે મહિલાની કોઈએ કાન ભંભેરણી કરી છે.

૧૮૧ની ટીમે હોટલ બહાર ઉભેલ મહિલાનું પણ કાઉન્સેલિંગ કર્યું હતું. જેના પરથી જાણવા મળેલ કે ઓટી સાથે અફેરની વાત તેને બીજા લોકોએ કહેલ છે. જેથી ફક્ત યુવતી સાથે સ્પષ્ટતા કરવા જ રાજકોટ આવેલ છે. અભય ટીમે મહિલાના પતિ સાથે ટેલિફોનિક વાત કરી હતી. તેણે પણ અફેર હોવાની વાતને રદિયો આપ્યો હતો અને યુવતી સાથે કોઈ સંબંધ ન હોવાનું કહ્યું હતું. બધા પક્ષનું સાંભળીને યુવતીને કાનૂની માર્ગદર્શન આપ્યું હતું. યુવતીને હજુ પણ ડર હતો કે તે હોટલમાં રોકાશે તો કદાચ મહિલા સહિતના લોકો તેને માર મારશે. જેથી યુવતીને સુરક્ષિત આશ્રયની જરૂર હોવાથી સખી વન સ્ટોપ સેન્ટર વિશેની માહિતી આપેલ તથા કાયદાકીય પ્રાથમિક માહિતી આપેલ અને માર્ગદર્શન આપેલ અને મહિલાને આશ્રય તથા લાંબા ગાળાના કાઉન્સેલિંગ માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવેલ હતો. આમ પરપ્રાંતથી રોજગારી માટે આવેલ યુવતીને મદદ આપી હતી. યુવતીએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જસદણના મદાવાના પૂર્વ સરપંચનું તાલુકા પંચાયતમાં હાર્ટએટેક આવતા મોત

## માતા-પિતાની નજર સામે જ બનેલા બનાવથી શોકનો માહોલ



**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ તાલુકાના મદાવાના પૂર્વ સરપંચનું જસદણ તાલુકા પંચાયત ખાતે અચાનક હાર્ટ એટેક આવતા કરુણ મોત નીપજ્યું હતું. જસદણ તાલુકાના મદાવા ગામના પૂર્વ સરપંચ જયેશભાઈ સોમાભાઈ જતાપરા આજે જસદણ -તાલુકા પંચાયત ખાતે તથા જસદણ મામલતદાર કચેરી ખાતે માદાવા ગ્રામ પંચાયતના જુદા જુદા કામ અર્થે આવ્યા હતા. દરમિયાન જસદણ તાલુકા પંચાયત ખાતે તેમને અચાનક હાર્ટ એટેક આવતા તાત્કાલિક તેમને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જોકે હોસ્પિટલ ખાતે મદાવાના પૂર્વ સરપંચ જયેશભાઈ જતાપરાને ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. મદાવાના વર્તમાન સરપંચ જીણીબેન સોમાભાઈ જતાપરાના એકના એક પુત્ર જયેશભાઈ જતાપરા ( ઉંમર વર્ષ ૩૫ )નું એટેક આવતા મોત નીપજતા નાનકડા મદાવા ગામમાં અરેરાટી ફેલાઈ છે. મૃત્યુ પામનાર જયેશભાઈને સંતાનમાં એક દીકરી છે જેને પિતાની છત્રછાયા ગુમાવી છે.માતા પિતાની નજર સામે જ પુત્રને એટેક આવતા તાત્કાલિક જસદણની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયેશભાઈ જતાપરા મદાવા ગ્રામ પંચાયતની કામગીરી લઈને તેમના માતા સરપંચ હોય તેમની સાથે જસદણ આવ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો.

# પ્લેન ક્રેશ દુર્ઘટના ઈયરિંગ, નેઈલ પોલિશ, બ્રાઉન હેરથી એરહોસ્ટેસના મૃતદેહની ઓળખ થઈ

## એર હોસ્ટેસના પાઈલટ પતિએ પત્નીની ઓળખ કરીએર હોસ્ટેસ અપર્ણા મુંબઈની રહેવાસી, પતિ પણ એર ઈન્ડિયામાં જ નોકરી કરે છે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃતકોની ઓળખ માટે સિવિલ હોસ્પિટલ ખાતે હોસ્પિટલના તબીબને ડેડબોડીની ઓળખને લઈ પરિચિતનો ફોન આવ્યો હતો, જેમાં એર ઈન્ડિયાના એર હોસ્ટેસ એવા અપર્ણાની ડેડબોડીની ઓળખ બ્રાઉન રંગના વાળ, નેઈલ પોલિશ, ઈયરિંગ તેમજ યુનિફોર્મ પરની નેઈમ પ્લેટના આધારે ઓળખ વિધિ થઈ હતી. પ્લેન ક્રેશ થયું તેમાં એર હોસ્ટેસ અપર્ણા સામેલ હતા, તેમના પતિ મુંબઈમાં રહે છે અને તેઓ એર ઈન્ડિયામાં પાયલોટ છે. ઓછી સંખ્યામાં મૃતકોની ઓળખ થઈ શકી છે, મોટા ભાગના અત્યંત ખરાબ રીતે સળગેલી હાલતમાં છે.

# મોરબી ના જુના ઘૂંટુ રોડ પર કારમાં ઈંગ્લિશ દારૂના સાથે બે બુટલેગર ઝડપાયા

## ૯૯ બોટલ દારૂ, કાર મળી કુલ ૩ લાખનો મુદામાલ કબજે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના જુના ઘુંટુ રોડ ઉપર ફલાવર સીરામીક સામે રોડ ઉપરથી એક હોન્ડા કંપની કાર માંથી ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે ઈસમોને મોરબી તાલુકા પોલીસે પકડી પાડ્યો છે.



આ અંગે ની મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકા પોલીસે બાતમીના આધારે મોરબી તાલુકાના જુના ઘુંટુ રોડ ફલાવર સીરામીક સામે રોડ ઉપર વોંચ ગોઠવી ફોર વ્હીલ કાર નંબર GJ-08-CM-2731 વાળી નીકળતા તેને આડસ ઉભી કરી ગાડી રોકાવી ચેક કરતા ગાડીમાં બે ઈસમો બેઠા હતા. જેમની કારની પાછળની સીટમાં અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલ ૯૯ ભાગ કિંમત રૂ.૧,૩૪,૨૦૦/- તેમજ એક હોન્ડા કંપની સફેદ કલર ની ફોર વ્હીલ ગાડી નંબર GJ-08-CM-2731 કિંમત ૩,૦૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી પૃથ્વીરાજસિંહ ખોડુભા ઝાલા અને શુરેશભાઇ ભુપતભાઇ રાઠોડની અટકાયત કરી માલ આપનાર મુબારકભાઈ અલીયાલા સંધી, સેનાર સોની અટક કરી તેમની વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

# વિમાન ક્રેશ થયું તે પહેલાં જ માતાએ ફોન કર્યો ને કપરાડાનો યુવાનનો જીવ બચી ગયો

## યુવાને મેસ છોડી અને પાંચ જ મિનિટમાં દુર્ઘટના સર્જાઈઃ વીમા પોલિસીમાં સુધારા માટે ઝડપથી ડોક્યુમેન્ટ માંગતા જ પુત્રે જલ્દી જમી લીધું



**મુખ્ય સમાચાર, વલસાડ**

અમદાવાદમાં વિમાન ક્રેશ ઘટના સમયે કપરાડા તાલુકાના કાકડકોપર ગામના ૧૮ વર્ષીય વિદ્યાર્થી ઋષિત ઘનશ્યામભાઈ ચૌધરીનો ચમત્કારિક બચાવ થયો હતો. ઋષિતના જણાવ્યું કે તે ગુરુવારે બપોરે ૧-૦૫ વાગ્યે મેસમાં જમવા ગયો હતો. લગભગ ૧-૨૫ વાગ્યે તેની માતા પ્રતિભાબેન ચૌધરીને ફોન કરીને તેને એલ. આઈ.સી. એજન્ટે પોલિસીમાં નામની ભૂલ સુધારવા ડોક્યુમેન્ટ મોકલવા કહ્યુ હતું. જેથી જલદી મોકલ તેમ કહેતા તે ઝડપથી ભોજન લઈને મેસમાંથી ૧-૩૫ વાગ્યે બહાર નીકળ્યો હતો અને ૧-૩૭વાગ્યે હોસ્ટેલમાં પહોંચી ગયો હતો.

તેની સાથે ગુજરાતી વિદ્યાર્થીઓ માટે રસોઈ બનાવતી દ.ગુજરાતની માસી પણ બહાર આવી હતી. આમ તેનો ઉગારો થયો હતો.

# એંગેજમેન્ટ અને ઈદની ખુશીઓ મનાવવા યુકેથી આવેલા સૈયદ પરિવારના ચાર સભ્યનાં મોત

## પુત્ર વકીઅલી યુકેમાં સીએનો અભ્યાસ કરતો હતો, પુત્રી તસ્કીન ડોક્ટર હતી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

લંડનથી અમદાવાદમાં એંગેજમેન્ટ અને ઈદ મનાવવા આવેલા ખાનપુરના પરિવારનો ફ્લાઈટ ક્રેશમાં ભોગ લેવાયો હતો. બ્રિટિશ નાગરિક ઈનાયતઅલી પરિવાર સાથે અમદાવાદમાં મિત્રના દીકરાના એંગેજમેન્ટ પ્રસંગમાં આવ્યા હતા અને સાથે પરિવારના અન્ય સભ્યો સાથે ઈદની ઉજવણી કરવાનું પણ પ્લાનિંગ કર્યું હતું. તહેવાર બાદ તેઓ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં લંડન પરત જઈ રહ્યા હતા ત્યારે તેમની આ મુસાફરી આખરી બની રહી હતી.

મૂળ ખાનપુર વિસ્તારના રહેવાસી અને છેલ્લા કેટલાક સમયથી યુકેમાં સ્થાયી થયેલા સૈયદ ઈનાયતઅલી સૈયદમીયા પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પત્નીસૈયદ નફીસાબાનું ઈનાયતઅલી, પુત્ર સૈયદ વકીઅલી ઈનાયતઅલી અને પુત્રી સૈયદ તસ્કીન ઈનાયતઅલી હતા. ઈનાયતઅલી બ્રિટિશ નાગરિક હતા, પરિવારના અન્ય સભ્યો ભારતીય નાગરિકતા ધરાવતા હતા. ઈનાયતઅલીની પત્ની નફીસા ગૃહિણી હતી. તેમનો પુત્ર વકીઅલી યુકેમાં રહીને સીએનો અભ્યાસ કરતો હતો. તેમની દીકરી તસ્કીન એનએચએલ મેડિકલ કોલેજમાંથી



એમબીબીએસનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ પરિવાર યુકેમાં સ્થાયી હતો. તાજેતરમાં તેમના મિત્રના દીકરાના એંગેજમેન્ટ હોવાથી પરિવાર સાથે અમદાવાદ આવ્યા હતા. એંગેજમેન્ટ સાથે ઈદનો તહેવાર નજીક હોવાથી પરિવાર સાથે તહેવાર મનાવવાનું નક્કી કર્યું હતું. આ પરિવારના સભ્યો ૧૨ જૂને અમદાવાદથી લંડનની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં પરત જતા હતા પરંતુ ફ્લાઈટ ઉપડતાની સાથે જ ક્રેશ થઈ જતાં સૈયદ પરિવારનો માળો વિખાયો હતો.

# જુલેલાલનગરમાં વેપારીના મકાન અને વાહનોમાં તોડફોડ કરનાર બે શખ્સોની ધરપકડ

## સોડા-બોટલના ઘા કરી પાંચ સ્કૂટર અને કારમાં ધોકા ફટકારી નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જુલેલાલનગરમાં કુખ્યાત શખ્સોએ મધરાત્રે આતંક મચાવી વેપારીના ઘર પર સોડા બોટલોના ઘા કરી મકાન અને વાહનોમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બનાવમાં પોલીસે બે શખ્સોની ધરપકડ કરી ફરાર આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, જુલેલાલનગરમા રહેતાં આશિષભાઈ ચેતનભાઈ નેભાણી (ઉ.૩૪)એ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સ્લમ કવાર્ટરમાં રહેતાં ફૈઝલ ઉર્ફે કાલી રહીમભાઈ ભાણુ, ઈરફાન રહીમભાઈ ભાણુ, અબ્દુલ દાઉદભાઈ લંજા, હશન અને અજાણ્યા ચાર શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા.૯નાં સાંજે ફરિયાદી એકટીવા લઈ જતાં હતાં ત્યારે ઘર નજીક આરોપી ફૈઝલ તેનું



સ્કુટર લઈ સામેથી આવતો હોય તેણે મારી સાથે તારી એકટીવા કેમ આડી નાખે છે તેમ કહી ઝઘડો કરી ગાડીની ચાવી કાઢી લીધી હતી અને છરીના ઘા ઝીંકી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ સમયે પરિવારજનો એકઠા થઈ જતાં ઘર મેળે સમાધાન કરવાની વાત કરી હતી. બાદમાં મોડી રાત્રે તમામ આરોપીઓએ ચાર બાઈકમાં ઘસી આવી ઘર ઉપર સોડા બોટલના છુટા ઘા કરવા લાગ્યા હતાં અને ઘર પાસે પાર્ક કરેલા પાંચ બાઈકમાં ધોકા પાઈપ ફટકારી નુકસાન કર્યું હતું. આ ઉપરાંત તેમની કારમાં પણ તોડફોડ કરી હતી. જે અંગે ફરિયાદ નોંધાતા પ્રનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પ્રનગર પોલીસે આરોપી ફેઝલ ઉર્ફે કાલી રહીમભાઈ ભાણુ અને અબ્દુલ દાઉદભાઈ લંજાને ઝડપી લઇ અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# વાગ્દત્તાના પ્રેમીને મળવા બોલાવી ભાવિ ભરથારે ધોકા વડે કર્યો હુમલો

## પ્રેમિકાએ સગપણ નક્કી કર્યાની કરેલી વાતની ખાતરી કરવા પ્રેમીએ યુવકને ફોન કરતા બોલી બઘડાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર સહજાનંદ વાટીકામાં રહેતા યુવાને તેની પ્રેમીકાનું અન્ય જગ્યાએ સગપણ નક્કી થતા તેની ખાતરી કરવા માટે જેની સાથે સગપણ થયુ હતુ તેને ફોન કરી ખાતરી કરી હતી. જેથી ભાવિ પત્નીના પ્રેમીને મળવા બોલાવી બે શખ્સોએ ધોકા ફટકારી માથું ફોડી નાખ્યુ હતુ.

આ અંગે પોલીસે યુવાનની ફરિયાદ પરથી પ્રેમીકાના ભાવિ પતિ સહિત બે શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ સહજાદનંદ વાટકી શેરી નં.૪માં રહેતા જયદિપ જશાભાઈ વાઘેલા (ઉ.વ.૩૧)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પવન દેવશી મકવાણા અને તેની સાથે આવેલો અજાણયો શખ્સનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેને ચારેક વર્ષથી મમતા નામની યુવતી સાથે પ્રેમ સંબંધ હતો છ મહિના પહેલા મમતાએ જણાવેલુ કે મારા ભાઈએ મારુ બીજે નક્કી કર્યું છે.

જેથી આપણે રાજી ખુશીથી પ્રેમસંબધ પુરા કરીયે છીએ. મમતાએ જણાવેલુ કે મારો સંબધ પવન દેવશી મકવાણા સાથે નક્કી કર્યો છે. જેથી ફરિયાદીએ તેની ખારાઈ કરવા માટે મમતા પાસેથી પવનના મોબાઈલ નંબર મેળવી ગઈકાલે પવનને ફોન કરી જાણ કરતા રાત્રે ૯ વાગ્યા સરાજા પાર્ટીપ્લોટ પાસે મળવા બોલાવ્યો હતો. ત્યારે વાત કરી પવન સાથે જ સગપણની ખાતરી થઇ જતા તે ત્યાંથી જતો રહ્યો હતો. બાદમાં રાત્રે ૨.૩૦ વાગ્યે આરોપી પવને ફરિયાદીને ફોન કરી મળવા બોલવતા નવી કોર્ટ બિલ્ડિંગ પાસે ગયો હતો.

ત્યારે પવન અને તેની સાથે આવેલા શખ્સે લાકડાનો ધોકા વડે હુમલો કરી માથામાં ધોકો જીકી દેતા તેનુ માથુ ફોડી નાખ્યુ હતુ. અને ઢીકા પાટુનો મારમાર્યો હતો દરમિયાન ફરિયાદીના મિત્રો આવી જતા બંન્ને આરોપી નાશી છૂટયા હતા. ઈજાગ્રસ્ત જયદિપને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે પોલીસે જયદિપની ફરિયાદ પરથી બંન્ને શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચડવા જતાં પટકાયેલા વૃધ્ધાનું મોત

## મહારાષ્ટ્રના વૃધ્ધા પરિવાર સાથે જાત્રાએ નીકળ્યા ત્યારે પાણીની બોટલ લેવા ઉતર્યાને ટ્રેન ઉપડી જતાં ઘટી ઘટના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેલવે સ્ટેશન ઉપર ટ્રેન ઉપડી ગયા બાદ ચાલુ ટ્રેને ચડવાની ઘટનામાં અગાઉ અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે ત્યારે આવો જ વધુ એક બનાવ રાજકોટ રેલવે સ્ટેશન ઉપર સામે આવ્યો હતો. મહારાષ્ટ્રનાં વૃધ્ધા પરિવાર સાથે જાત્રાએ જવા નીકળ્યા હતાં. જેઓ રાજકોટ રેલવે સ્ટેશન પર પાણીની બોટલ લેવા નીચે ઉતર્યા ત્યારે જ ટ્રેન ચાલુ થઈ જતાં તેઓ દોડીને ટ્રેનમાં ચડવા જતાં નીચે પટકાયા હતાં. જેમનું ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જાણવા મળતી વિગત મુજબ, મહારાષ્ટ્રનાં પૂણેમાં મુકુંદનગર વિસ્તારમાં રહેતાં જયોતીબેન રામરતન સોની (ઉ.૬૫) નામના વૃધ્ધા તેમના પરિવાર સાથે પૂણેથી વેરાવળ જતી ટ્રેનમાં જાત્રા માટે નીકળ્યા હતાં. દરમિયાન આજે બપોરે ટ્રેન રાજકોટ રેલવે સ્ટેશન પર પહોંચી ત્યારે વૃધ્ધા પાણીની બોટલ અને દૂધ લેવા માટે નીચે ઉતર્યા હતાં. તેઓ પાણીની બોટલ લેતાં હતાં ત્યારે જ ટ્રેન ચાલુ થઈ જતાં તેઓ ટ્રેનમાં ચડવા



માટે દોડયા હતાં. દરમિયાન ચાલુ ટ્રેને ચડવા જતાં વૃધ્ધાને પગ લપસતા તેઓ ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે આવી જતાં ટ્રેન નીચે ગરકાવ થઈ ગયા હતાં. જેમાં તેમને પગના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે રેલવે પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. સમગ્ર ઘટના રેલવે પ્લેટફોર્મ પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક વૃધ્ધાના પતિ એડવોકેટ હોવાનું અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તેઓ પરિવાર સાથે સોમનાથ-દ્વારકા-અંબાજી સહિતના મંદિરે દર્શન કરવા માટે જાત્રાએ નીકળ્યા હતાં. ત્યારે જ આ બનાવ બનતા પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# ભૂલકાંઓ વચ્ચે થયેલા ઝઘડાનો ખાર રાખી માસુમ બાળકની નિર્મમ હત્યા કરનાર મહિલાને આજીવન કેદ

## વર્ષ ૧૯૯૬માં ધોરાજીમાં બની હતી ઘટના, ગળાચીપી આપ્યા બાદ બાળક બચી ન જાય તેની ખાતરી કરવા આરોપી મહિલાએ માથામાં દસ્તાના ઘા ફટકાર્યા હતા



વકિલઃ કાર્તિકેય પારેખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકામાં વર્ષ ૧૯૯૬માં ભૂલકાંઓ વચ્ચે થયેલા ઝઘડાનો ખાર રાખીને મહિલાએ ૫ વર્ષના પાડોશીના બાળકની પહેલા ગળાચીપી આપી તેમજ બાળક બચી ન જાય તેની ખાતરી કરવા માથામાં દસ્તાના ઘા ફટકારી નિર્મમ હત્યા કરી હતી. આ કેસમાં ધોરાજી સેશન્સ કોર્ટે આરોપી મહિલાને આજીવન કેદની સજા ફટકારી છે.

કેસની હકિકત મુજબ, વર્ષ ૧૯૯૬માં ધોરાજી ભાદર ઈરીગેશન આધુનિકીકરણ કોલોની બગીચા પાસે કાર્યરત હતી. આ કોલોનીમાં આવેલા ક્વાટરમાં આર.એમ કાનાબાર, ગિરધરભાઈ. સી.કોઠીયા અને રાજેશકુમાર હરકિશન દેવમુરારી તેમના પત્ની અનિતા ઉર્ફે અરુણા રહેતા હતા.બધા કર્મચારીઓના બાળકો સમાન ઉંમરના હોય જેથી તેમના વચ્ચે ઝઘડા થવા તે સ્વભાવિક વાત છે. ભૂલકાંઓ વચ્ચે થતાં ઝઘડાનો ખાર રાખી આરોપી અનિતા ઉર્ફે અરુણાએ તારીખ ૫-૮-૧૯૯૬ ના દિવસે ગિરધરભાઈ કોઠીયાના પુત્ર જલદીપને ઘરે બોલાવી ગળાચિપ દઈ મારી નાખેલ હતો. જો કે બાળકનો જીવ લીધા બાદ પણ તે જીવતો રહી ન જાય તે માટે બાળકને રસોડામાં લઈ જઈ દસ્તાથી તેનું માથું છુંદી નાખેલ હતો.

હત્યા બાદ અનિતા ઉર્ફે અરુણાએ પોતે પહેરેલા કપડા બદલાવી ઘરમાંથી લોહી સાફ કરી બાળકનો મૃતદેહ એક સુટકેસમાં ભરી દીધો હતો. સાંજના ૭ વાગ્યા આસપાસ પતિ રાજેશ દેવમુરારી ઘરે આવતા લોહીની વાસ મારેલ આ અંગે અનિતાને પૂછતાં તેણે જલદીપની હત્યા કરી નાખેલ છે તેમ કહી અગરબત્તી લઈ આવવાનું કહ્યું હતું. સમય સૂચકતા વાપરી અને પોતાના પત્ની ઉપર કાળ સવાર થઈ ગયો છે તે હકીકત સમજી રાજેશ તરત જ બાળકો માટે નાસ્તો અને અગરબત્તી લેવાનું કહી અને જેતપુર પોતાના સાસરે જતો રહ્યો હતો. બીજી બાજુ ગીરધરભાઈ અને તેમનો પરિવારે જલદીપને શોધતા હોય અને પુત્ર ન મળતાં પોલીસ ફરિયાદ કરવા માટે ગયા હતા.આ સમયગાળાનો લાભ લઈ અનિતાએ બાળકનો મૃતદેહ પોતાના ક્વાર્ટરની પાછળની બાજુએ સરકાવી દેવા પ્રયત્ન કર્યો હતો પરંતુ આ દરમિયાન જ પાડોશી કાનજીભાઈ કોયાણી જોઈ જતાં સમગ્ર ઘટના સામે આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તુરંત જ જરૂરી કાર્યવાહી બાદ આરોપીની ધરપકડ કરી હતી.

આ કેસ ચાલવા પર આવતા બંને પક્ષકારોની વિગતવાર દલીલો અને રજૂઆતો કર્યા બાદ સરકાર પક્ષે રજૂ કરેલા પુરાવાઓને ધ્યાને લઈને ધોરાજી સેશન્સ કોર્ટે આરોપી અનીતા ઉર્ફે અરુણા રાજેશભાઈ દેવમોરારીને આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસમાં સરકાર તરફે કાર્તિકેય પારેખ રોકાયેલ હતા.


# AIનું પ્લેન ના પાયલોટ પિતાની સેવા માટે ટૂંક સમયમાં જ નિવૃત્ત થવાના હતા

## બે વર્ષ પહેલાં તેમના માતાનું નિધન થયું હોય ૯૦ વર્ષીય પિતાને વાયદો કર્યો હતો કે હવે પોતે તેમની પાસે જ રહેશેઃ ક્રૂ-મેમ્બર્સ દીપક પાઠકે ઉડાન ભરતાં પહેલાં ઘેર ફોન પણ કર્યો હતોઃ અન્ય ક્રૂ-મેમ્બર્સ રોશની, મૈથિલી, સૈનિતા પણ તાજેતરમાં એર ઈન્ડિયા સાથે જોડાઈ હતી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારતથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન અમદાવાદમાં તૂટી પડ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો મોતને ભેટ્યા હતા. મૃતકોમાં વિમાનના પાયલટ કેપ્ટન સુમિત સબરવાલ સહિત ૧૨ ક્રૂ-મેમ્બર્સ પણ સામેલ હતા. ૬૦ વર્ષીય સુમિત સબરવાલ ટૂંક સમયમાં નિવૃત્ત થવાના હતા. આ પછી તેઓ ૯૦ વર્ષીય વૃદ્ધ પિતા સાથે વધુમાં વધુ સમય પસાર કરવાના હતા. તેમનાં માતાનું બે વર્ષ પહેલાં જ નિધન થયું હતું. સુમિત સબરવાલ અપરિણીત હોવાનું પણ સામે આવ્યું હતું.

તેઓ પવઈ (મુંબઈ)ના જળવાયુ વિહારમાં રહેતા હતા. પિતાની સેવા કરવા માટે તેઓ ટૂંક સમયમાં નિવૃત્ત થવાના હતા. તેમના એક પાડોશીએ





જણાવ્યું કે સુમિત શિસ્તપ્રિય વ્યક્તિ હતા. તેમને અમે હંમેશા યુનિફોર્મમાં જ અવર-જવર કરતા જોયા હતા. કેપ્ટન સબરવાલના મોટાં બહેન દિલ્હીમાં રહે છે.

આ ઉપરાંત દીપક પાઠક પણ આ જ ફ્લાઈટમાં ક્રૂ-મેમ્બર્સ તરીકે સામેલ હતા. તેઓ બદલાપુર (મહારાષ્ટ્ર)માં રહેતા હતા અને ૧૧ વર્ષથી તેઓ આ પ્રોફેશન સાથે જોડાયેલા હતા. દર વખતે ઉડાન પહેલાં તેઓ ઘેર ફોન કરતા હતા. આ વખતે પણ તેમનો ફોન આવ્યો હતો પરંતુ ક્યાં ખબર હતી કે આ તેમનો અંતિમ ફોન હશે.

સૈનિતા ચક્રવર્તી પણ એ ક્રૂ-મેમ્બર્સમાં સામેલ હતી જેમણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. તે જુહૂના કોલિવાડામાં રહેતી હતી. પાડોશી સૈનિકાને પ્રેમથી પિન્કી બોલાવતા હતા. ગો-એર સાથે કામ કર્યા બાદ તેણે તાજેતરમાં જ એર ઈન્ડિયા જોઈન કર્યું હતું. ફ્લાઈટ એટેન્ડેન્ટ મૈથિલીની ઉંમર માત્ર ૨૪ વર્ષ હતી. તે પનવેલના નહાવા ગાંવમમાં રહેતી હતી. એવિએશન ક્ષેત્રમાં નોકરી મેળવવા માટે મૈથિલીએ ખૂબ જ બહેનત કરી હતી.

૨૭ વર્ષીય રોશની ડોંબીવલી વિસ્તારના મધાબી બંગલો વિસ્તારમાં રહેતી હતી. તે અહીં પોતાના ભાઈ અને પિતા સાથે રહેતી હતી. રોશનીનું સ્વપન એર હોસ્ટેટ બનવાનું હતુ એટલા માટે તેણે પણ તાજેતરમાં જ એર ઈન્ડિયામાં નોકરી શરૂ કરી હતી.